ઘર ઘરની શાન સૌની માંગ
બિરયાની પુલાવ માટે સર્વશ્રેષ્ઠ
999
PULAV-RICE બાઘ બકરી BASMATI REGD. No. 417107
બ્રાન્ડ ચોખા હંમેશા વાપરો
શ્રી વિષ્ણુ ટ્રેડીંગ કું.
Mobile : 9825581799, 9537627626
M/23, માધુપુરા માર્કેટ
શાહીબાગ રોડ, અમદાવાદ-૪.

Published & Posted at AHD P.S.O. Set No.-1 on every Thursday,
Reg. No. GAMC-382/2024-2026 Valid up to 31 December-2026
Licence to post without prepayment No. PMG/NG/128/2024-2026 - Valid up to 31.12.2026



સાપ્તાહિક
# શાહીન
Shaheen Gujarati WEEKLY

પુલાવ તેમજ બિરયાની માટે ઉત્તમ અને સ્વાદિષ્ટ
ચોખા
999
બ્રાન્ડ હંમેશા યાદ રાખો

Vol No.: 53 • Issue No.: 05 • Date: 08-01-2026 • Thursday • Page-8 • Rs. 6.00 • Annual subs. 300=00
Place of Publication :- B/4, 4th Floor, Karishma Complex, 132 Ft. Ring Road, Sarni Society, Juhapura, Ahmedabad-380 055

## પીડોફાઇલ આઇલેન્ડઃ જ્યાં શક્તિશાળી લોકોના ઓથ નીચે કચડાયું બાળપણ

(ન્યૂઝ ડેસ્ક) સન ૧૯૯૮માં એક અમેરિકન નાગરિકે આશરે ૮ અબજ ડોલરના ખર્ચે કેરેબિયન સમુદ્રમાં આવેલો એક ટાપુ ખરીદ્યો. નકશામાં જોઈએ તો ૭૫ એકરમાં ફેલાયેલો આ ટાપુ યુનાઈટેડ સ્ટેટ્સ વર્જિન આઈલેન્ડ્સનો ભાગ હતો, જેનું નામ હતું 'લિટલ સેન્ટ જેમ્સ'. બહારથી જોવામાં આવે તો આ ટાપુ કોઈ અદ્‌ભૂત પ્રવાસધામ કે સપનાના મહેલ જેવો લાગતો હતો. સુંદર રેતાળ કિનારા, ચારેબાજુ હરિયાળી, ટાપુની મધ્યમાં મહેલ જેવો ભવ્ય બંગલો, લક્ઝરી ગેસ્ટ હાઉસ, વિશાળ સ્વિમિંગ પુલ, આધુનિક



જિમ અને હેલિપેડ જેવી તમામ સુવિધાઓ ત્યાં ઉપલબ્ધ હતી.

પરંતુ આ કથિત સ્વર્ગની પાછળ એક અત્યંત ભયાનક અને કાળું સત્ય છુપાયેલું હતું. આસપાસના ટાપુઓ પર વસતા લોકો આ સ્થળને "પીડોફાઈલ આઈલેન્ડ" તરીકે ઓળખતા હતા. અહીં ૧૨ થી ૧૭ વર્ષની સગીર કન્યાઓની માનવ તસ્કરી કરવામાં આવતી અને તેમનું જાતીય શોષણ થતું હતું. ચારેબાજુ ફેલાયેલા સમુદ્રને કારણે અહીંથી ભાગવું અશક્ય હતું. એકવાર ૧૫ વર્ષની એક કિશોરીએ સમુદ્રમાં તરીને ભાગવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તે પકડાઈ ગઈ અને સજા રૂપે તેનો પાસપોર્ટ જપ્ત કરી લેવામાં આવ્યો હતો.

આ ટાપુ પર માત્ર સામાન્ય અપરાધીઓ જ નહીં, પરંતુ દુનિયાના સૌથી પ્રભાવશાળી અમીરો, અબજોપતિઓ, સેલિબ્રિટીઝ અને દિગ્ગજ રાજકારણીઓની અવરજવર રહેતી હતી. આ યાદીમાં બ્રિટનના પ્રિન્સ એન્ડ્ર્યૂ, પ્રખ્યાત વૈજ્ઞાનિક સ્ટીફન હોકિંગ, જાણીતા કોમેડિયન, મોટા ઉદ્યોગપતિઓ અને ટોચના રાજકીય નેતાઓ સામેલ હતા. આ તમામ મહાનુભાવો માટે અહીં ભવ્ય અને વિલાસી પાર્ટીઓનું આયોજન કરવામાં આવતું હતું.

આ આખા કાળા કારોબારનો સૂત્રધાર જેફરી એપસ્ટીન હતો. એપસ્ટીનની સફર આશ્ચર્યજનક હતી. એક સમયે બ્રુકલિનમાં બાળકોને ગણિત ભણાવતો આ સામાન્ય સ્કૂલ ટીચર જોતજોતામાં અબજોપતિઓનો ફાઈનાન્સિયલ એડવાઈઝર બની ગયો અને અંદાજે ૬૦૦ મિલિયન ડોલરની અઢળક સંપત્તિ એકઠી કરી. તેના અંગત સંપર્કોમાં બિલ ક્લિન્ટન, ડોનાલ્ડ ટ્રમ્પ અને ઈઝરાયલના પૂર્વ પ્રધાનમંત્રી એહુદ બરાક જેવા વિશ્વના શક્તિશાળી નેતાઓના નામ જોડાયેલા હતા.

કેસનો પર્દાફાશ માર્ચ ૨૦૦૫માં થયો જ્યારે ફ્લોરિડાના પામ બીચમાં એક ૧૪ વર્ષની બાળકી અને તેના માતા-પિતાએ પોલીસ ફરિયાદ નોંધાવી. બાળકીએ જણાવ્યું કે તેને "મસાજ" આપવાના બહાને એક ધનાઢ્ય વ્યક્તિના ઘરે લઈ જવામાં આવી હતી, જ્યાં એપસ્ટીને તેનું યૌન શોષણ કર્યું હતું. તપાસ દરમિયાન એક પછી એક કડીઓ જોડાતી ગઈ અને પોલીસે ૩૫થી વધુ એવી સગીર પીડિતાઓને શોધી કાઢી, જેમની કહાની એકસરખી હતી. આ કોઈ છૂટોછવાયો બનાવ નહીં, પરંતુ એક સુવ્યવસ્થિત દેહ વ્યાપારનું નેટવર્ક હતું.

(અનુસંધાન પાંચમા પાને)

મસા ભગંદર હરસ
ગુદા માર્ગના અન્ય રોગોનું ગુજરાતમાં પ્રથમવાર વીડીયો રેકટોસ્કોપ દ્વારા નિદર્શન અને સચોટ નિદાન
રેડિયો ફ્રિકવન્સી, લેસર, એનસીલર દ્વારા સારવાર કટીંગ સેટોન દ્વારા ભગંદરનો સચોટ અને સંપૂર્ણ ઈલાજ
ડે-કેર દાખલ થવાની જરૂર નથી
ડો. એમ. સાદિક કાઝી (MBBS, M.S.) (કન્સલ્ટીંગ સર્જન)
ફોનઃ ૮૨૬૪૦૦૪૧૪૨, ૬૫૪૫૯૫૧૩


પેશન્ટ હાઉસ
નરોત્તમ ઝવેરી હોલ સામે, પાલડી, અહમદઆબાદ

## JIHની વર્ષ ૨૦૨૬ને "ન્યાય, શાંતિ, એકતા અને સૌના માટે સર્વગ્રાહી તથા ટકાઉ વિકાસ"નું વર્ષ બનાવવા અપીલ

### શિયાળાની ઋતુમાં સરકાર અને જનતા ગરીબોની મદદ માટે આગળ આવેઃ પ્રેસ કોન્ફરન્સમાં મહાનુભાવોનું સંબોધન




નવી દિલ્હીઃ મર્કઝ જમાઅતે ઈસ્લામી હિંદના મીડિયા હોલમાં આયોજિત પત્રકાર પરિષદને સંબોધતા સંગઠનના નાયબ અમીર પ્રોફેસર સલીમ એન્જિનિયરે જણાવ્યું હતું કે, ભારત હંમેશાં મૂળભૂત રીતે એક ધાર્મિક દેશ રહ્યો છે. અહીં વિવિધ ધર્મો અને માન્યતાઓ હોવા છતાં સહઅસ્તિત્વ અને કોમી એકતાની શાનદાર પરંપરા રહી છે. સામાન્ય રીતે આપણા ધાર્મિક નેતાઓ અને સંસ્થાઓએ એકતા વધારવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે, પરંતુ હવે આ વારસો જોખમમાં મુકાયો છે. તેમણે કોમી નિવેદનબાજી, ઈસ્લામોફોબિયા, નફરતભર્યા ભાષણો, મોબ લિંચિંગ અને ધાર્મિક નફરતમાં થઈ રહેલા વધારા અંગે ઊંડી ચિંતા વ્યક્ત કરી હતી.

દક્ષિણ એશિયા જસ્ટિસ કેમ્પેઈનના 'ઇન્ડિયા પરસીક્યુશન ટ્રેકર ૨૦૨૫'ના અહેવાલને ટાંકીને પ્રોફેસર સલીમે કહ્યું કે, અહેવાલ મુજબ ધાર્મિક લઘુમતીઓ, ખાસ કરીને મુસ્લિમો વિરુદ્ધ સરકારી અને બિન-સરકારી સ્તરે અત્યાચારોમાં ઝડપથી વધારો થયો છે. જેમાં નકલી એન્કાઉન્ટર, મોબ લિંચિંગ, મનસ્વી ધરપકડ, મકાનો તોડી પાડવા, બેફામ નફરતભર્યા ભાષણો અને બળજબરીથી વિસ્થાપનનો સમાવેશ થાય છે. તેમણે ઉમેર્યું કે કેટલીક શક્તિઓ રાજકીય લાભ માટે ધર્મનો દુરુપયોગ કરી સમાજમાં કોમી ખાઈ ઊભી કરી રહી છે. જો કે, દેશની જનતામાં કોમવાદી શક્તિઓને હરાવવાની ક્ષમતા છે. આ માટે જમાઅતે 'ધાર્મિક જન મોરચા' અને 'સદ્‌ભાવના મંચ' જેવા પ્લેટફોર્મ દ્વારા કાર્ય કરી રહી છે. જમાઅતે વર્ષ ૨૦૨૬ને 'ન્યાય અને ટકાઉ વિકાસના વર્ષ' તરીકે મનાવવાનો સંકલ્પ કર્યો છે.

(બાકીનું પાના નં. ૨ પર)

તૈયારીઓ શરૂ થઈ ગઈ છે
શાહીન સાપ્તાહિકનો આગામી
ઈદ વિશેષાંક
માનવંતા વિજ્ઞાપન દાતાઓ તથા શુભેચ્છકોને વિનંતી કે તેઓ આવનાર 'શાહીન'ના પ્રતિનિધિઓને જાહેરાત તેમજ સાથ-સહકાર આપશો.
'શાહીન' સાપ્તાહિક, જુહાપુરા, અહમદાબાદ-૫૫
મો : 63561 62768

મો. ૯૪૨૮૦૪૬૮૮૭
એમ. એ. એપ્રલ્સ
મો. ૯૩૭૪૪૩૦૮૯૯

સ્કૂલ યુનીફોર્મમાં બ્લેજર, કોટી, મોદી કોટી, શર્ટ, ફોર્મલ શર્ટ, લાસ્ટીક પેન્ટ, ફોર્મલ પેન્ટ, પીના ફ્રોક, ટયુનીક લેંગીજ, ટ્રેક શુટ, ટાઈ, બેલ્ટ, કોર્પોરેટ યુનીફોર્મ, જોબ વર્ક એન્ડ મેન્યુફેકચરીંગ.
૨, ગૌતમ શાહ એસ્ટેટ, મનિયાર કંપની પાછળ, સુંદરમનગર, રખિયાલ, અહમદાબાદ - ૨૩

Shelter's Lemonade
Barley Water
Refreshing Diuretic
કિડની ની પથરીનો કુદરતી ઉપચાર

Shelter
www.shelter.co.in
9898633551
Shelter Pharma Ltd.




# 'ઈસુના ન્યૂ યર' પર આ હાઇબ્રિડ શ્રદ્ધાના ગૂઢાર્થો શું છે?

'ન્યૂ યર' પર આ વર્ષે પણ ઠેર ઠેર ખૂબ જશ્ન મનાવવામાં આવ્યો. ખાણી-પીણી અને નાચ-ગાન થયા. અહમદાબાદમાં સિંધુ ભવન અને સીજી રોડ ઉપર ૩૧મી ડિસેમ્બર સાંજથી જ ટ્રાફિક બંધ કરી દેવાયો. નવું વર્ષ મોજ-મસ્તીથી શરૂ થાય તેવી માનસિકતા, ખાસ કરીને યુવાનોની, બની ગઈ છે. પરંતુ આ આંતરરાષ્ટ્રીય અને પરોક્ષ રીતે ખ્રિસ્તી નવવર્ષ પર હિંદુ મંદિરોમાં બેફામ ભીડ ઉમટવાના ગૂઢાર્થો શું છે? ન તો ભારતીય પંચાંગ અને ન તો હિંદુ દેવતાઓની દૃષ્ટિએ આ કર્મકાંડ સુસંગત છે, અને ન તો એ ધાર્મિક રીતે પ્રજાની અપેક્ષા મુજબ છે. કોઈ પણ શુભ કાર્યનો આરંભ દેવ દર્શનથી થાય, એ ભારતીય પરંપરા છે, પરંતુ ન્યૂ યર પર ધક્કા ખાઈને પણ દેવતાઓના દરબારમાં હાજરી આપવા પાછળ કઈ શ્રદ્ધા રહેલી છે?

આજકાલ 'ન્યૂ યર' પર, મુસ્લિમો સિવાય, ભારતમાં જન્મેલા તમામ ધર્મોના આરાધના સ્થળો પર ભારે ભીડ થવા લાગી છે, પરંતુ હિંદુ ધાર્મિક સ્થળો પર તો આ ઉન્માદ રેકોર્ડબ્રેક છે. મોટાભાગના હિંદુઓ એ વાતથી ગદગદ છે કે ૧ જાન્યુઆરીએ દેશભરના મંદિરોમાં રેકોર્ડબ્રેક ભીડ ઉમટી, રેકોર્ડબ્રેક દાન આવ્યું, દર્શનાર્થીઓની કિલોમીટરો લાંબી લાઈનો લાગી, ભારે ધાંધલ-ધમાલ થઈ અને વ્યવસ્થાના પ્રશ્નો પણ સર્જાયા. એવું મનાય છે કે વર્ષના પહેલા દિવસે કૃપા વરસી તો આખું વર્ષ શાનદાર જશે! નવા વર્ષનો પ્રારંભ ભગવાનના દર્શનથી કરવાનો આ નવો જુસ્સો હવે પરાકાષ્ઠાએ પહોંચી રહ્યો છે. ડાકોર, અંબાજી,સોમનાથ અને પાવાગઢ પર માનવ મહેરામણ ઉમટ્યો. આવું જ મોટાભાગના રાજ્યોમાં પણ જોવાયું.

ઘણા વિવેચકો એ લખ્યું કે :

પહેલા પણ મંદિરોમાં તહેવારો પર ભીડ થતી હતી, પરંતુ અત્યારે જે થઈ રહ્યું છે, તેનો કોઈ તાર્કિક, ધાર્મિક કે પૌરાણિક આધાર મળતો નથી.

શું આ નવો હાઈબ્રિડ હિંદુ ધર્મ છે, જેમાં પોતાની સુવિધા અને સ્વાર્થ મુજબ બધું જ 'એડજસ્ટ' કરી લેવામાં આવે છે? અથવા આ નવા વર્ષની ઉજવણીમાં ધાર્મિક તડકો લગાવવાનો એક નવીન નુસખો છે?

શું તેને આપણે હિંદુ મનની અતિ ઉદારતા માનીએ કે પછી નવા પ્રકારની તર્કહીન શ્રદ્ધા ? માત્ર ભીડને ગર્વનો પર્યાય માનવાને બદલે એક ખાસ ઘડીએ દેવ દર્શન કરી પોતાને ધન્ય માનનારાઓ ખુદને પણ સવાલ કરે કે જે ધર્મમાં વર્ષનો પ્રારંભ મોટે ભાગે ચૈત્ર શુક્લ પ્રતિપદા અથવા વૈશાખ માસથી માનવામાં આવતો હોય, તે ધર્મના પૂજ્ય દેવતાઓ દેશી પંચાંગને બાજુ પર મૂકીને ૧ જાન્યુઆરીએ સુખ-સમૃદ્ધિના વરદાન કેવી રીતે અને શા માટે આપશે?

ભારતીયો અને ખાસ કરીને હિંદુઓનું હૃદય વિશાળ છે, તે સારી વાત છે, પરંતુ આસ્થાના પ્રગટીકરણમાં કોઈ તાર્કિક સંગતતા પણ હોવી જોઈએ. દુનિયાભરમાં ૧ જાન્યુઆરીથી પ્રારંભ થતું વાર્ષિક કેલેન્ડર ગ્રેગોરિયન કેલેન્ડર છે, જેને પોપ ગ્રેગરી તેરમાએ ૧૫૮૨માં પ્રચલિત કર્યું હતું.આ કેલેન્ડરમાં વર્ષના પ્રથમ જાન્યુઆરી મહિનાનું નામકરણ રોમન દેવતા 'જેનુસ'ના નામ પરથી કરવામાં આવ્યું છે, જેને આરંભ અને સંક્રાંતિના દેવતા માનવામાં આવતા હતા. ખ્રિસ્તીઓએ પણ તેને અપનાવી લીધું.

તે જ ગ્રેગોરિયન કેલેન્ડર અંગ્રેજો ભારતમાં લાવ્યા અને તત્કાલીન ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ ૧૪ સપ્ટેમ્બર ૧૭૫૨ના રોજ પોતાના પ્રભાવ ક્ષેત્ર અને કામકાજમાં લાગુ કર્યું. હવે તે જ આંતરરાષ્ટ્રીય કેલેન્ડર તરીકે માન્ય છે. મોટા ભાગના વિશ્વના તમામ વ્યવહારો આ મુજબ જ થાય છે.

જો કે, ભારતમાં પહેલાથી પ્રચલિત હિંદુ અને ઈસ્લામિક કેલેન્ડર પણ ચલણમાં રહ્યા. આઝાદી પછી ભારતમાં ૧૯૫૭માં દેશી પંચાંગ તરીકે 'શક સંવત'ને માન્યતા આપવામાં આવી. તેમ છતાં નવવર્ષના પ્રારંભે દેવ દર્શનના જુસ્સાનો ક્યાંય કોઈ ઉલ્લેખ મળતો નથી.

ભારતમાં તમામ હિંદુઓનું નવું વર્ષ ગુડી પડવાથી શરૂ થતું નથી. ગુજરાતીઓ, બંગાળીઓ, તમિલિયન અને કાશ્મીરી પંડિતોના પોતાના નવાવર્ષ છે. ગુજરાતીઓનું નવું વર્ષ 'બેસતું વર્ષ' કાર્તિક શુક્લ પ્રતિપદાથી, બંગાળીઓનું 'પોઈલા બૈશાખ' ૧૪-૧૫ એપ્રિલથી, તમિલિયનનું 'પુથુંડુ' તથા મલયાલીઓનું નવું વર્ષ 'વિશુ' ૧૪ એપ્રિલ અને કાશ્મીરીઓનું નવું વર્ષ 'નવરેહ' એપ્રિલમાં જ શરૂ થાય છે.

પરંતુ આમાંથી કોઈને ૧ જાન્યુઆરી સાથે લેવાદેવા નથી. અહીં પાયાનો સવાલ એ છે કે ૧ જાન્યુઆરીએ હિંદુ દેવી-દેવતાઓ પાસે આશીર્વાદ માંગવા અને તેના માટે તીર્થ સ્થાનો પર બેફામ ભીડ વધારવાનો તર્ક શું છે?

જો કે લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ પહોંચવાથી પર્યટન ફૂલી-ફાલી રહ્યું છે અને સ્થાનિક લોકોની કમાણી વધી ગઈ છે.

મધ્યપ્રદેશના એક કટાર લેખક અજય બોકીલ લખે છે કે: "જો હિંદુ દેવી-દેવતાઓ ૧ જાન્યુઆરીએ પણ ભક્તો પર કૃપા વરસાવી શકે છે, તો ઈસ્લામિક હિજરી કેલેન્ડરના મહોરમની પહેલી તારીખે અથવા ચીની ચંદ્ર નવવર્ષના પ્રારંભે આવું કેમ ન કરી શકે? સંબંધિત ધર્મોના લોકો પણ તે જ શ્રદ્ધા સાથે તે દિવસે આખું વર્ષ સુખ-સમૃદ્ધિથી પસાર થાય તેવી કામના કરે છે. જ્યારે એવું ક્યારેય સાંભળવામાં નથી આવ્યું કે કોઈ બિન-હિંદુએ ગુડી પડવા પર ચર્ચ કે મસ્જિદમાં જઈને ઈશ્વર પાસે કૃપા વરસાવવાની યાચના કરી હોય."

તેઓ આગળ લખે છે કે:

"સંકુચિત ધાર્મિક વિચારધારાથી પર થઈને એ વિચારો કે ઈશ્વર જો ધર્મના આધારે વહેંચાયેલો છે, તો પછી તેણે પોતાના જ ધર્મના અનુયાયીઓના તહેવારો અથવા શુભ દિવસો પર જ કૃપાળુ થવું જોઈએ. પરંતુ જો ઈશ્વર સર્વત્ર એક જ છે, અને ધર્મ તથા સંસ્કૃતિથી નિરપેક્ષ છે, તો તેણે કોઈ પણ તારીખે ભક્તો પર સમાન રીતે કૃપા વરસાવવી જોઈએ - પછી ભલે તે ન્યૂ યર હોય, ચૈત્ર પ્રતિપદા હોય અથવા પહેલી મહોરમ હોય (ઈસ્લામિક નવવર્ષનો પ્રારંભ). શું દુનિયામાં માત્ર હિંદુ દેવી-દેવતાઓ જ એટલા ઉદાર છે કે તેઓ કોઈપણ ધર્મના નવવર્ષને પોતાનું માનવામાં સંકોચ કરતા નથી?"

એક તર્ક એવો પણ આપવામાં આવી રહ્યો છે કે આજની યુવા પેઢી નવા વર્ષ પર પબ અને હોટલોમાં જવાને બદલે ધાર્મિક સ્થળોએ વધુ જઈ રહી છે, પરંતુ એ પણ હકીકત છે કે ન્યૂ યર પર આ પબ, હોટલ અને ક્લબોમાં પગ મૂકવાની પણ જગ્યા હોતી નથી.

શ્રી શ્રી રવિશંકર અને ઈસ્કોન, નાચગાન સાથે ભક્તિ અને ભજનને જોડવા આધુનિક ફ્યુઝન થકી યુવાવર્ગને આકર્ષવા મથામણ કરી રહ્યા છે?, પણ તે મર્યાદિત આકર્ષણ ઊભું કરી શક્યું છે. ભજનિક ક્લબનું નવું તુત પણ ચલાવાય છે, પણ હજુ તે જામતું નથી.

ધર્માંતરણને લઈ હાલમાં ખ્રિસ્તી ધર્મ સામે પ્રચંડરોષ ઊભો કરવામાં આવ્યો છે. તેમને જુદી જુદી રીતે હેરાન કરવામાં આવી રહ્યા છે. સાચા ઈતિહાસ સામે પ્રશ્નો ઊભા કરી પોતાને અનુકૂળતા નો ઈતિહાસ થોપવામાં આવી રહ્યો છે. શૈક્ષણિક અભ્યાસક્રમમાં સંઘની વિચારધારા બે ધડક ઘુસાડવામાં આવી રહી છે. ફ્લાવર શોમાં પણ હિંદુ સંસ્કૃતિ ધરાર દર્શાવાઈ રહી છે ત્યારે, ખ્રિસ્તી નવા વર્ષની ઉજવણી ઉપર સંઘ પરિવારના આંખ મીચામણા સાચે જ આશ્ચર્યકારક છે.

એક તરફ ભાજપ, આરએસએસ અને તેની ભગીની સંસ્થાઓ, હિંદુ સંસ્કૃતિ જબરજસ્તીથી અન્ય સમુદાયો પર થોપી રહ્યા છે, તો બીજી તરફ પાશ્ચાત્ય સંસ્કૃતિના વળગણથી સામાન્ય હિંદુઓને, ખાસ કરીને યુવાનોને, કઈ રીતે દૂર રાખવા તે હજુ તેઓ સમજી શકતા નથી. દારૂ જુગાર અને વ્યભિચાર સામાન્ય થતા જાય છે અને લોકોને તેના પ્રત્યે કોઈ ખાસ ચીડ જોવા પણ મળતી નથી. કથાકારો, ધર્મગુરુઓ, સાધુઓ અને પંડિતો સામાન્ય પ્રજાને ક્રિયાકાંડ અને વિધિ વિધાનથી તો જોડી લે છે, પરંતુ તેમનામાં નૈતિક મૂલ્યોનું સિંચન કરી શકતા નથી, તે સ્પષ્ટ દેખાય છે.

મુસલમાન હજુ સુધી તો નવા વર્ષની ઉજવણીના ઉન્માદમાં આ રીતે સામેલ થતા જોવા મળતા નથી તે એક સંતોષજનક પરિસ્થિતિ છે. પરંતુ જો સમયસર ઈસ્લામિક મૂલ્યોનું સાચું સિંચન કરી નહીં શકાય, તો આ આગ મુસ્લિમ સમુદાયને પણ પોતાની લપેટમાં લઈ લેશે તેમાં કોઈ શંકા નથી. ખાસ કરીને મોબાઈલ કલ્ચર વચ્ચે યુવાધનને બચાવવું અને આવી ગંદકીઓથી દૂર રાખવું ખૂબ જ મોટો પડકાર છે, ધાર્મિક અને સામાજિક આગેવાનો સૌ માટે.

અલ્લાહ સૌની આ નવી આફતથી હિફાજત કરે. આમીન..


મો.ઉમર વહોરા.
મો.૯૯૨૫૨૧૨૪૫૩

## JIHની વર્ષ ૨૦૨૬ને...

(પહેલા પાનાનું ચાલુ)

શિયાળાની મુશ્કેલીઓ અંગે નાયબ અમીર મલિક મોહતસિમ ખાને જણાવ્યું કે, ઉત્તર અને પૂર્વ ભારતમાં કડાકાની ઠંડી દરમિયાન જમાઅત દ્વારા સમાન વિચારધારા ધરાવતી સંસ્થાઓના સહયોગથી ગરીબો માટે ધાબળા વિતરણની ઝુંબેશ ચાલી રહી છે. જ્ઞાતિ કે ધર્મના ભેદભાવ વગર જરૂરિયાતમંદોને મદદ કરાઈ રહી છે. તેમણે સરકારને રેન બસેરાઓનું વિસ્તરણ, ગરમ ભોજન, ગરમ કપડાં અને મોબાઈલ હેલ્થ યુનિટ્સની સ્થાપના જેવા વ્યવહારુ પગલાં લેવા અપીલ કરી છે.

દેશમાં ખ્રિસ્તી સમુદાયને લક્ષ્ય બનાવવાની ઘટનાઓ પર ચિંતા વ્યક્ત કરતાં મલિક મોહતસિમ ખાને ખ્રિસ્તી સમુદાય સાથે એકતા દર્શાવી હતી. તેમણે ચેતવણી આપી કે ધાર્મિક કાર્યક્રમોમાં ખલેલ અને ધર્માંતરણ વિરોધી કાયદા હેઠળના ખોટા આરોપો જો સમયસર નહીં ઉકેલાય તો અવિશ્વાસનું વાતાવરણ સર્જાશે. વધુમાં, તેમણે ત્રિપુરાના MBA વિદ્યાર્થી એન્જલ ચકમાની મોબ લિંચિંગમાં થયેલી હત્યાની સખત નિંદા કરી તેને વંશીય નફરતભર્યો ગુનો ગણાવ્યો હતો. તેમણે ઉત્તરાખંડ સરકાર પાસે આરોપીઓની તાત્કાલિક ધરપકડ અને કડક કાર્યવાહીની માંગ કરી હતી. અંતમાં તેમણે ભારપૂર્વક જણાવ્યું કે દેશને વંશીય હિંસા વિરુદ્ધ એક વ્યાપક રાષ્ટ્રીય કાયદાની તાત્કાલિક જરૂર છે. તેમણે પયગંબર મુહમ્મદ સ.અ.વ.ના એ સંદેશને યાદ કરાવ્યો કે કોઈ પણ માણસને બીજા પર કોઈ શ્રેષ્ઠતા પ્રાપ્ત નથી સિવાય કે ઈશપરાયણતાના આધારે, જે માનવીય સમાનતાની પુષ્ટિ કરે છે.






## કુર્આન

અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

# ગુપ્ત મસલતો ન કરો

**“લોકોની ગુપ્ત મસલતોમાં મોટાભાગે કોઈ ભલાઈ નથી હોતી. હા, જો કોઈ છૂપી રીતે દાન કરવા માટે શિખામણ આપે અથવા કોઈ ભલાઈના કામ માટે અથવા લોકોમાં મેળાપ કરાવી આપવા માટે કોઈને કંઈ કહે તો તે અલબત્ત સારી વાત છે, અને જો કોઈ અલ્લાહની પ્રસન્નતા મેળવવા માટે આમ કરશે તેને અમે મોટો બદલો આપીશું.” (સૂરઃ નિસા, આયત-૧૧૪).**

ઈમામુલ અંબિયા, ફખ્રુર મુર્સલીન, સૈયદુલ બરાર નબીએ અકરમ સ.અ.વ.ના આ દુનિયામાં આગમનનો એક મહાન હેતુ આ પણ હતો કે તેઓ નૈતિક દૃષ્ટિએ સમગ્ર માનવ-જાતિને સર્વોચ્ચતાના શિખર સુધી પહોંચાડી દે. તેમણે ઈર્શાદ ફરમાવ્યું : મારા આવવાનો (મને મોકલવાનો) હેતુ આ છે કે હું નૈતિકતા શ્રેષ્ઠતાઓ અને ખૂબીઓને પણ પૂર્ણતાની ટોપ સુધી પહોંચાડી દઉં. આજ કારણ છે કે આપ સ.અ.વ.નું શિક્ષણ નૈતિકતાને પૂરી રીતે આવરી લે છે, અને આ વાતમાં નાનામાં નાના અંશને પણ અધૂરો નથી છોડતું.

આ પવિત્ર આયતને લઈ લો. આમાં અલ્લાહતઆલાએ ગુપ્ત રીતે સલાહ-મસ્લતના આદેશો વર્ણવ્યા છે. ફરમાવ્યું કે મોટાભાગે ગુપ્ત કે છૂપી સલાહ-મસ્લત માત્ર ને માત્ર બૂરાઈ હોય છે. તેમનામાં કોઈ ભલાઈ નથી હોતી, બલ્કે ઈસ્લામે તો આ વાતને બેઠક-સભાના આદાબ (શિષ્ટાચાર)માં સામેલ કરી દીધી છે કે જો કોઈ જગ્યાએ ત્રણ લોકો ભેગા થાય તો તેમનામાંથી બે લોકો પોતાના ત્રીજા સાથીને છોડીને અલગ થઈ ગુપ્ત સલાહ-મસ્લત (કાનાફૂસી) ન કરે, કેમકે તેનાથી શંકા-કુશંકા ઉદ્ભવવા અને દિલ વ્યથિત થવાની શક્યતા છે. આવી જ રીતે તપાસ વિના છૂપી રીતે અફવાહો ફેલાવતા રેહવું અને જૂઠી કે સત્ય જાણ્યા વિનાની માહિતીને ફેલાવવી પણ ના-જાઈઝ છે. બલ્કે આટલે સુધી ફરમાવ્યું કે એક માણસનું જૂઠા હોવા માટે આ જ વાત પૂર્તિ છે કે તે એક વાત સાંભળે અને પછી ચકાસ્યા વિના તેને આગળ વર્ણવવાનું શરૂ કરી દે. હા ! અલબત્ત કેટલાક સંજોગોમાં ગુપ્ત કે છૂપી રીતે સલાહ-મસ્લત કરવાની પરવાનગી આપી છે. સદ્કા તથા ખૈરાતમાં કે તેમાં ગુપ્તતતા વધુ યોગ્ય છે. કોઈને નેકીની નસીહત કરવામાં કે જેથી બીજા સાંભળી ન શકે અને તેનાથી તેનું દિલ ન દુભાય, અને બે લોકોની વચ્ચે સમાધાન કરવાના હેતુથી. જો કે આ પ્રશ્ને મતભેદ છે છતાં કેટલાક આલિમોએ આમાં મજબૂરીવશ અને નાછૂટકે, મોટી ભલાઈને જેમાં વાસ્તવિકતા અંગે ખામોશ રહેવાની પરવાનગી તો આપી છે, પરંતુ આ શરતે કે આમ કરવાથી પક્ષકારોની ગેરસમજો દૂર થતી હોય તો જ. અંતે આમાં આ શરત લગાવી દીધી કે આ બધું માત્ર અને માત્ર અલ્લાહની પ્રસન્નતા ખાતર હોય તો જ.

આમાં પ્રત્યક્ષ રીતે આયતમાં કહેવાયું છે તેમ ગુપ્ત રીતે સલાહ-મસ્લત કે કાનાફૂસીથી બચવું જોઈએ, અને શરીઅતે જે વાતમાં આ અંગે પરવાનગી આપી છે તેમાં એટલી હદે અને તે બાબત પૂરતી જ એ કરી શકાય એ ખાસ ધ્યાનમાં રાખવું જોઈએ. પ્રયત્ન કરવો જોઈએ કે જે વાતની પરવાનગી શરત સાથે આપી છે તેનાથી પણ બચવામાં આવે. કેમકે એમાં પણ આલિમો વચ્ચે મતભેદ છે અને આવા મતભેદમાં ખોટું વલણ અપનાવાઈ જતાં પ્રતિબંધિત કૃત્ય કે ગુનાના આચરણની પણ શક્યતા હોઈ શકે છે.

## હદીસ

# મુસીબતમાં ધૈર્ય

**(૭) અનુવાદ : હઝરત મુઆઝ બિન જબલ રદિ.થી રિવાયત છે કે તેમના એક દીકરાના ઈન્તેકાલ થઈ ગયો તો રસૂલે ખુદા સ.અ.વ.એ તેમને આ ‘તા’ઝિયતનામા’ (સાંત્વના-પત્ર) લખાવડાવ્યો : અલ્લાહના નામથી જે રહેમાન તથા રહીમ છે. અલ્લાહના રસૂલ મુહમ્મદ (અલૈહિસ્સલાતુ વસ્સલામ) તરફથી મુઆઝ બિન જબલ (રદિ.)ના નામે સલામુન અલૈકા હું એ ખુદાની તમારાથી ‘હમ્દ’ બયાન કરૂં છું જેના સિવાય કોઈ ‘મા’બૂદ’ નથી. આના પછી, ખુદા તમને મહાન ‘અજ્ર’ (વળતર) આપે અને તમારા હૃદયને ધૈર્ય અર્પે, અને અમને તથા તમને (પોતાની નેઅ્મતો પર) આભારની તૌફીક આપે. હકીક આ છે કે આપણા પ્રાણ અને આપણી ધન-દૌલત તેમજ આપણા બાળ-બચ્ચાં (પત્ની અને બાળકો) બધા જ અલ્લાહની મુબારક તથા રુચિકર ભેટ છે અને તેની સોંપેલી અમાનતો છે. અલ્લાહે તેનાથી આરામ તથા પ્રસન્નતા સાથે નફો હાસલ કરવા અને આનંદિત થવાનો મોકો એનાયત ફરમાવ્યો, અને એણે જ એને તમારાથી મોટો ‘અજ્ર’ તથા સવાબને દૃષ્ટિ સમક્ષ રાખીને ધૈર્ય રાખ્યું. આથી ધૈર્ય રાખો, અને એવું ન થાય કે તમારી વ્યગ્રતા તથા ધૈર્ય તમારા ‘અજ્ર’ (વળતર) તથા ‘સવાબ’ને નષ્ટ કરી દે. પછી તમને પસ્તાવો થાય. જાણી લો કે કોઈ મૃત્યુ પામનાર અધીરાઈ તથા વ્યાકુળતાથી પાછો આવનાર નથી, અને ન તો તેનાથી રંજ અને ગમ ક્યારેય દૂર થાય છે. અને જે કાંઈ બનવાનું હોય છે એ હકીકતમાં બની ચૂકયું હોય છે.” (અત્ તબરાની ફિલકબીર વલ ઔસત)**

**સમજૂતી :**

[1] એટલે કે બાળકના ઈન્તેકાલ પર જે ભારે આઘાત તમને પહોંચ્યો છે તેના પર અલ્લાહ તમને “અજ્રે-અઝીમ” (મહાન વળતર)થી નવાઝે અને તમારા હૃદયને ‘સબ્ર’ તથા ‘સુકૂન’ એનાયત કરે.

[2] એટલે કે આપણી પાસે જે વસ્તુઓ પણ છે આપણે તેના માલિક નથી. તેમનો સાચો માલિક તો અલ્લાહ જ છે. એ જ્યાં સુધી ઈચ્છે છે આપણને તેનો મોકો આપે છે, કે આપણે તેનાથી લાભાન્વિત થઈએ, અને તેનાથી મન બહેલાવીએ, અને જ્યારે તેની (અલ્લાહની) ઈચ્છા થાય છે એ પોતાની વસ્તુ પછી લઈ લે છે. પરંતુ પરત લેવાના બદલા રૂપે તેને ત્યાં ‘અજ્રે કબીર’ (મોટું વળતર) છે. આ તેનો ઉચ્ચ દરજ્જાનો કરમ (કૃપા) અને નવાજેશ છે કે એ લે છે પોતાની વસ્તુ, તેમ છતાં પણ નિશુલ્ક નથી લેતો.

[3] કુર્આનમાં છે : “આ સંજોગોમાં જે લોકો ધીરજ રાખે અને જ્યારે કોઈ મુસીબત આવી પડે તો કહે કે ‘અમે અલ્લાહના જ છીએ અને અલ્લાહના જ તરફ અમારે પાછા ફરવાનું છે. તેમના ઉપર તેમના રબ તરફથી મોટી કૃપાઓ થશે, તેની દયા તેમના ઉપર છાંયડો કરશે અને આવા જ લોકો સન્માર્ગે ચાલનારા છે.” (સૂરઃ અલ બકરહ, આયત-૧૫૬, ૧૫૭)

❑❑❑❑❑❑❑

“જ્ઞાન સભા”

# તલાક પામેલ મહિલાની સુરક્ષાના સ્વરૂપે

“જ્ઞાન સભા”

ડો.રઝિયુલ ઈસ્લામ નદવી

**પ્રશ્ન : એક મહિલાએ નિકાહ પછી પતિ સાથે ૩૫ (પાંત્રીસ) વર્ષ વિતાવ્યા. હવે ઘડપણમાં તેના પતિએ કોઈ વાત પર નારાજ થઈને તેને તલાક આપી દીધી. એ મહિલા હવે ક્યાં જાય ? તેના માતા-પિતાનો ઈન્તેકાલ થઈ ચૂકયો છે. ભાઈ-બહેન પોત-પોતાના ઘરના છે. તેનો જીવનનિર્વાહ કેવી રીતે થાય ? ઈસ્લામ આના માટે શું સૂચવે છે ? જો સરકાર તરફથી આવા પતિને પાબંદ કરવામાં આવે કે એ જીવનપર્યંત પોતાની તલાક પામેલ પત્નીને યોગ્ય પ્રમાણમાં ભરણ-પોષણ આપે તો શું વાંધો છે ? કૃપા કરીને આ પ્રશ્નોના યોગ્ય અને સંતોષકારક જવાબો આપશો !**

**ઉત્તર :** ઈસ્લામે નિકાહને એક મજબૂત-ટકાઉ કરાર (મીસાકન ગલીઝા)ની હેસિયત આપી છે. એ દાંપત્ય સંબંધોમાં સુમેળ ને પ્રસન્નતા ચાહે છે. પતિને પણ તે તાકીદ કરે છે કે પત્ની સાથે ભલી ને સારી રીતે જીવન વિતાવે અને જો તેના તરફથી કોઈ ઢીલ, સુસ્તી કે ભૂલ થઈ જાય તો દર-ગુજર કરે, અને સાથે જ પત્નીને પણ ઈસ્લામ આ હિદાયત કરે છે કે એ કોઈ ઉચિત કારણ વિના સંબંધ ખતમ કરવાનું ન વિચારે. પરંતુ ક્યારેક એવા સંજોગો બની જાય છે કે નિકાહ ખતમ થવામાં જ ભલાઈ ને સલામતી જણાય છે. આથી ઈસ્લામમાં તલાક કે ‘ખુલઅ’નો દરવાજો બંધ કરવામાં નથી આવ્યો. બલ્કે આની ગુંજાયશ રાખવામાં આવી છે, જો કે આને ના-પસંદ ઠેરવવામાં આવેલ છે.

તલાકનો કોઈ બનાવ બને તો તેને સામાન્ય રીતે એ પ્રકારે રજૂ કરવામાં આવે છે કે આમાં પૂરી રીતે પતિની જ અતિશ્યોક્તિ અને જુલ્મ છે જો કે આવું હોઈ શકે છે કે પત્નીનો સતત દુર્વ્યવહાર કે ખરાબ વર્તન અને વિદ્રોહથી મજબૂર થઈને પતિએ આ પગલું ભર્યું હોય. બાળકો થઈ જાય તો તેમના પ્રેમમાં પતિ આમ પણ તલાક માટે તૈયાર નથી થતો. જો કે આ મામલામાં પતિના જુલ્મ-અત્યાચારને પણ સંપૂર્ણપણે શક્ય હોવા અંગે નકારી શકાય તેમ નથી હોતું. એટલે કે તેનાથી પણ જુલ્મ-અત્યાચાર થયું હોય એ શક્ય હોઈ શકે છે.

તલાકની સ્થિતિમાં આ પણ એક ધારણા જ છે કે સ્ત્રી પૂરી રીતે નિરાધાર અને મહોતાજ હોય. આ વાતની પણ શક્યતા છે કે નોકરી કરતી રહી હોય, અથવા તેનું કોઈ કારોબાર હોય, અથવા એ ઘરબાર અને મિલકતની માલિક હોય. આ કારણે તલાકની સ્થિતિમાં તેનું આર્થિક જીવન કંઈ પણ પ્રભાવિત ન થાય. માની લો કે જો તલાકના પરિણામે સ્ત્રી નિરાધાર થઈ ગઈ હોય તો ઈસ્લામની ભરણ-પોષણની વ્યવસ્થા તેને સહારો આપવા માટે પૂરતી છે. જો સ્ત્રીનો પિતા જીવિત છે તો ઈસ્લામ તેની જવાબદારી તેને જિમ્મે ઠેરવે છે, કે એ પોતાની તલાક પામેલ દીકરીનું ભરણ-પોષણ કરે. એક વખત અલ્લાહના રસૂલ સ.અ.વ.એ સહાબાએ કિરામ રદિ.થી પૂછ્યું : શું હું તમને ન જણાવું કે અફઝલ (શ્રેષ્ઠ) સદ્કો શું છે ? સહાબા રદિ.એ ઉત્તર આપ્યો : હા, હે અલ્લાહના રસૂલ સ.અ.વ. ! અવશ્ય બતાવો. આપ સ.અ.વ.એ ફરમાવ્યું : “તમારી દીકરી તમારી પાસે પાછી આવી જાય (અને) તેના માટે તમારા સિવાય કોઈ અન્ય કમાવનાર ન હોય.” (સુનન ઈબ્ને માજહ : ૩૬૬૭)

સ્ત્રી મોટી વયની હોય તો આ વાતની પ્રબળ શક્યતા છે કે તેના બાળકો રોજગાર કે નોકરી-ધંધા પર લાગી ગયા હોય. તેઓ તેને (માતાને) પોતાની પાસે રાખે અને તેનું (માતાનું) ભરણ-પોષણ કરે. આની પણ શક્યતા છે કે એવી (તલાક પામેલ) સ્ત્રીના ભાઈ હોય. પિતા કે પુત્ર ન હોવાની સ્થિતિમાં તે મહિલાનું ભરણ-પોષણ કરવું તેમની જવાબદારી છે. આવી જ રીતે ક્રમાનુસાર લોહીના અન્ય રિશ્તેદારોની જવાબદારી હશે.

(અનુસંધાન 5મા પાને)

# ઈમાન અને સદ્કાર્ય

## ઇસ્લામી મુઆશરા

● (મર્હૂમ) મૌલાના જલાલુદ્દીન ઉમરી



ઇસ્લામની સમીપ ઈમાન અને સદ્કાર્ય દુનિયા અને આખિરતની સફળતા માટે એક અનિવાર્ય શરત છે. જે આ શરતને પૂરી કરશે તે બંને જગતમાં સન્માનિત અને સફળ થશે. જેનામાં ન તો ઈમાન હોય અને ન તો સદાચાર, તેને તબાહી તથા બરબાદીથી કોઈ વસ્તુ બચાવી નથી શકતી. ઈમાન કેટલીક ગૈબમાં રહેલી (અદૃશ્ય) વાસ્તવિકતાઓને માનવાનું નામ છે અને અલ્લાહે અર્પેલ હિદાયત મુજબ જીવન વિતાવવું સદ્કાર્ય છે. આ બે શબ્દો ઇસ્લામના ચિંતન તથા અમલની સમગ્ર વ્યવસ્થાને વ્યક્ત કરે છે.

**ઈમાન તથા સદ્કાર્ય સ્ત્રી અને પુરુષ બન્ને માટે ઇચ્છિત છે**

ઇસ્લામ ઇચ્છે છે કે સ્ત્રી અને પુરુષ બન્નેય ઈમાન તથા સદ્કાર્યના બીબામાં ઢળી જાય અને અવિશ્વાસ તથા દુરાચારના દલદલ (કળણ)માંથી નીકળી જાય અને તેના ઇનામ તથા કૃપાને પાત્ર બની જાય આ વાત કુર્આનમજીદમાં વારંવાર અને ખૂબ જ સ્પષ્ટતા સાથે કહેવામાં આવી છે એક જગ્યાએ ફરમાવવમાં આવ્યું કે આ દુનિયા નશ્વર અને હકીકત-વિહોણી છે. ખરૂં મહત્ત્વ આખિરતનું છે, જ્યાંનું જીવન અનશ્વર અને કાયમી છે. જે માણસ પણ આ દુનિયાની તુલનામાં આખિરતને પ્રાથમિકતા આપશે અને અલ્લાહના દીન ઉપર મુશ્કેલીઓ છતાં અડગ રહેશે એ તેને દુનિયામાં પવિત્ર જીવન અને આખિરતમાં શ્રેષ્ઠ વળતર એનાયત કરશે. અલ્લાહનો આ કાયદો છે અને તેના કાયદામાં સ્ત્રી અને પુરુષની વચ્ચે કોઈ ભેદ નથી. ઇર્શાદ છેઃ

"જે કંઈ તમારી પાસે છે તે જ બાકી રહેનાર છે, અને અમે ધૈર્ય રાખનારાઓને જરૂર તેમના વળતર તેમના સર્વશ્રેષ્ઠ કર્મો અનુસાર આપીશું. જે વ્યક્તિ પણ સદ્કાર્ય કરશે, ચાહે તે પુરુષ હોય કે સ્ત્રી, શરત આ છે કે તે હોય ઈમાનવાળા, તેને અમે (દુનિયામાં) શુદ્ધ અને પવિત્ર જીવન જીવાડીશું અને (આખિરતમાં) આવા લોકોને વળતર તેમના સર્વશ્રેષ્ઠ કર્મો મુજબ આપીશું." (સૂરઃ અન્ નહ્લ, આયતો-૯૬, ૯૭)

આ જ વાત એક અન્ય જગ્યાએ આ રીતે કહેવામાં આવી છેઃ

"હે કોમ ! આ દુનિયાનું જીવન તો થોડા દિવસનું છે, હંમેશાં રહેઠાણની જગ્યા તો આખિરત છે, જે બૂરાઈ કરશે, તેને તેટલો જ બદલો મળશે જેટલી બૂરાઈ તેણે કરી હશે, અને જે સદ્કાર્ય કરશે, ચાહે તે પુરુષ હોય કે સ્ત્રી, શરત આ કે હોય તે ઈમાનવાળા, તો આવા સૌ લોકો જન્નતમાં દાખલ થશે, જ્યાં તેમને બેહિસાબ રોજી આપવામાં આવશે." (સૂરઃ અલ મુ'મિન, આયતો-૩૯, ૪૦)

**કોઈની સાથે કોઈ ભેદભાવવાળું વર્તન નહીં થાય**

ધર્મ-જગતમાં કેટલાક સમુદાયો આ ભ્રમમાં પડેલા રહ્યા છે કે તેઓ અલ્લાહના વ્હાલા છે, તેથી તેમની સાથે એ વિશિષ્ટ મામલો કરશે. તેમના અપરાધો પર એ રીતે પકડ નહીં થાય જે રીતે અન્યોની થશે. કુર્આનમજીદે આ ખોટી માન્યતાને રદિયો આપ્યો અને ફરમાવ્યું કે અલ્લાહને ત્યાં નિર્ણય આ આધાર પર નહીં થાય કે કોણ કયા સમુદાય સાથે સંબંધ ધરાવે છે; બલ્કે ત્યાં માનવીના ઈમાન તથા અમલ (કર્મ)ને જોવામાં આવશે. જે દુરાચારી હશે એ પોતાના કર્યાની સજા પામશે, અને જે ઈમાન તથા સદ્કાર્યોથી સુસજ્જ હશે, ચાહે એ પુરુષ હોય કે સ્ત્રી 'અજ્ર' (વળતર) તથા સવાબને પાત્ર હશે. ફરમાવ્યુંઃ

"પરિણામ ન તમારી ઇચ્છાઓ પર નિર્ભર છે, ન તો ગ્રંથવાળાઓની ઇચ્છાઓ પર. જે કોઈ બૂરાઈ કરશે તેનું ફળ પામશે, અને અલ્લાહના મુકાબલામાં પોતાના માટે કોઈ સમર્થક અને સહાયક નહીં મેળવી શકે. અને જે ભલા કાર્યો કરશે, ચાહે પુરુષ હોય કે સ્ત્રી, પણ હોય તે મો'મિન (ઈમાનવાળા) તે આવા જ લોકો જન્નતમાં દાખલ થશે અને તેમને રજમાત્ર અન્યાય થવા નહીં પામે." (સૂરઃ અન્ નિસા, આયત-૧૨૩, ૧૨૪)

આ આયતોમાં કેટલીક મહત્ત્વની હકીકતો તરફ ઇશારો કરવામાં આવ્યો છેઃ

૧. સ્ત્રી અને પુરુષમાંથી કોઈ પણ ન તો જન્મજાત પાપી કે ગુનેગાર છે અને ન તો અલ્લાહતઆલા તરફથી તેને નિર્દોષ (બે-ગુનાહ) હોવાની સનદ મળી છે.

૨. ન તો પુરુષનું માત્ર પુરુષ હોવું ઇજ્જત તથા સન્માનપાત્ર હોવાની ખાત્રી છે, અને ન તો સ્ત્રીનું સ્ત્રી હોવું તેના તિરસ્કાર અને નિમ્ન હોવાની દલીલ છે.

૩. સફળતા અને નિષ્ફળતા પુરુષની હોય કે સ્ત્રીની ઈમાન તથા સદ્કાર્યથી સંકળાયેલ છે. આમનામાંથી કોઈની પણ સફળતા માટે અલ્લાહે કોઈ અન્ય શરત નથી રાખી. જે પોતાના ઈમાન અને અમલમાં જેટલો આગળ હશે તે એટલો જ સફળ હશે તેટલી હદે નિષ્ફળ રહેશે.

૪. ઈમાન અને સદ્કાર્ય કરવાની કાબેલિયત અલ્લાહતઆલાએ પુરુષમાં પણ રાખી છે અને સ્ત્રીમાં પણ. આથી બન્નેએ આ ક્ષેત્રે કોઈ પણ ગુરુતા કે લઘુતાની ભાવના વિના આગળ વધવાનો પ્રયાસ કરવો જોઈએ.

**ઈમાનવાળાઓ કયામતના દિવસે નૂરમાં હશે**

આ એ હકીકતો છે જેમનો કુર્આનમજીદમાં વારંવાર ઉલ્લેખ થયો છે અને તેમને વિવિધ પાસાઓથી સમજાવવામાં આવી છે. આથી એક જગ્યાએ કહેવામાં આવ્યું છે કે આવા પુરુષો અને સ્ત્રીઓ જે પોતાના ઈમાનમાં સાચા અને નિખાલસ છે, કયામતમાં તેમને નૂર નસીબ થશે. તેઓ રોશનીમાં પોતાનો માર્ગ પસાર કરશે અને તેમને જન્નતની ખુશખબરી સંભળાવવામાં આવશે. આ એ સફળતા છે કે આનાથી મોટી સફળતાની કલ્પના પણ નથી કરી શકાતી. આનાથી વિપરીત ઈમાનનો જૂઠો દાવો કરનારા પુરુષો અને સ્ત્રીઓ તમામે તમામ અંધારામાં હશે. તેમને ક્યાંયથી પણ પ્રકાશ નહીં મળે અને તેમનો અંજામ અલ્લાહના ઇન્કારીઓ સાથે હશે અને બન્ને જહન્નમને પાત્ર ઠેરવવામાં આવશે. ઇર્શાદ થયુંઃ

"તે દિવસે જ્યારે તમે ઈમાનવાળા પુરુષો અને સ્ત્રીઓને જોશો કે તેમનું નૂર (પ્રકાશ) તેમના આગળ-આગળ અને તેમની જમણી બાજુ દોડી રહ્યું હશે. (તેમને કહેવામાં આવશે કે) 'આજે ખુશખબર છે તમારા માટે.' જન્નતો હશે જેમની નીચે નહેરો વહી રહી હશે, જેમાં તેઓ હંમેશાં રહેશે. આ જ છે મોટી સફળતા તે દિવસે મુનાફિક (દંભી) પુરુષો અને સ્ત્રીઓની હાલત એવી હશે કે તેઓ ઈમાનવાળાઓને કહેશે કે 'જરા અમારા તરફ જુઓ, જેથી અમે તમારા નૂર (પ્રકાશ)થી થોડોક ફાયદો ઉઠાવીએ. પરંતુ તેમને કહેવામાં આવશે, 'પાછળ હટી જાવ, પોતાનો પ્રકાશ બીજે ક્યાંક શોધો.' પછી તેમની વચ્ચે એક દીવાલ ઊભી કરી દેવામાં આવશે જેમાં એક દરવાજો હશે. તે દરવાજાની અંદર રહેમત (કૃપા) હશે અને બહાર યાતના." (સૂરઃ અલ હદીદ, આયતો-૧૨થી ૧૫).

આ રીતે ઇસ્લામે પૂરી તાકત સાથે આ વાત કહી કે સ્ત્રી અને પુરુષ બન્નેની સફળતા નિખાલસ અને સદ્કાર્યથી જોડાયેલ છે. આના સિવાય તેમની 'નજાત' (મુક્તિ) અને ભલાઈનું કોઈ અન્ય માધ્યમ નથી. આમનામાંથી જે કોઈની પાસે ઈમાન તથા યકીન (વિશ્વાસ)ની દોલત અને સદ્કાર્યનો ભંડાર કે સંગ્રહ હશે એ સફળ હશે અને જેમનું દામન આ બન્ને વાતોથી ખાલી હશે એ નિષ્ફળ તથા નિરાશ થશે. આ મામલામાં અલ્લાહનો કાનૂન બાંધછોડ વિનાનો છે. તે ન તો સ્ત્રી સાથે કોઈ બાંધછોડ કરે છે અને ન પુરુષ સાથે.

•••

---

સોનેરી વાક્યો સોનેરી વાક્યો

## સોનેરી કથન

**હઝરત સુલૈમાન અ.સ.**

- બેહતરીન ખૈરાત તા'લીમ હૈ.
- અકલમંદ વો હૈ જિસે ગુસ્સા દેરસે આતા હૈ.
- ઉસકા મુંહ કંકરોંસે ભરા જાએગા જો દગાકી રોટી ખાએગા.
- નુકતાચીની કરનેવાલા આફતમેં ગિરતા હૈ.
- જો મુફલિસોં પર રહેમ કરતા હૈ વો અપને ખાલિક કી ઇઝ્ઝત કરતા હૈ. જો ગરીબોં પર ઝુલ્મ કરતા હૈ વો ઉસકી હિકારત કરતા હૈ (ઉસે હકીર સમઝતા હૈ.)

— અબ્દુલ કાદિર જિલાની રહ.

ZENITH PARTY PLOT
Bringing People Together
Zenith Tins Compound, Chhani, Vadodara.

Late Yunushbhai Sabuwala
Samir Sabuwala
98245 47998
Abuzar Sabuwala
79841 77790
FIRDOSH
Plain Cotton, Poplin, Printed Cotton, Jaipuri Printed, Cambric, All Type of Cotton Chaniya Retail & Wholesale
Opp. Sabuwala Co., Dhalgarwad Kapad Bazar, Ahmedabad

'ઇલાહી! ખતાઓંસે દિલ કો યૂં સુથરા ફરમા જૈસે મૈલ-કુચૈલસે સફેદ કપડે કો સુથરા બના દેતા હૈ. ઇલાહી! મુઝે ગુનાહોંસે ઇતના દૂર ફરમા દે જિતના તૂને પૂરબ કો પશ્ચિમ સે દૂર કર રખ્ખા હૈ.' (તિબરાની)



M : 9898062816
Video Call - M : 9428419044
25
Sarkhej Cultch
SALES & SERVICE
Email L aone.raju@yahoo.in
ww.sarkhejcultch.com
544/2, A-one Motor Garage Compound,
S.C. Highway, Sarkhej, Ahmeadabad-382210

રફી મો. : ૯૩૨૭૦ ૧૧૭૮૯
ઓલવિશ મેન્સવેર
સંતોષકારક સિલાઈકામ માટે મળો.
૮, અદાણી ઉદય માર્કેટ, રતનપોળ, હાથીખાના, અહમદાબાદ - ૩૮૦૦૦૧
મો. : ૯૩૨૭૦ ૧૧૭૮૯
શોએબ સિલેક્શન
એક્સક્લુઝીવ શુટિંગ, શર્ટિંગ
૪૪૫, બીજો માળ, સહજાનંદ માર્કેટ, પાનકોરનાકા, વૃન્દાવન માર્કેટની બાજુમાં, અહમદઆબાદ-૩૮૦ ૦૦૧.

સલીમ કરીમી
મો.: ૯૮૯૮૦ ૬૯૦૪૭
૭૨૪૭ ૭૮૬૯૮
Adarsh
Driving School
પદ્ધતીસરનું ડ્રાઈવીંગ શિખવા માટે સંપર્ક કરો.
૧૪, આઝાન કોમ્પલેક્ષ, રોયલ નવાબ એવન્યુ ની સામે, સરખેજ રોડ, અમદાવાદ-૩૮૦૦૫૫.

# વિશ્વ-યુદ્ધની રાખ પર સ્થપાયેલ રાજ્ય

**લેખક : લિવોર બિન શાવલ**

એ રાજ્ય જે વિશ્વ-યુદ્ધની રાખ પર સ્થપાયું હતું, અને જેને અમર્યાદિત આરબ સમર્થન પ્રાપ્ત હતું, તે આ અંધારી ઘડી સુધી પણ પહોંચી જશે. હું સ્પષ્ટ શબ્દો અને સ્હેજેય ખચકાટ વિના કહું છું કે ઈઝરાયલ થોડાક જ સમયમાં ભાંગી પડશે.

આજે આપણે જે સ્થિતિનો સામનો કરી રહ્યા છીએ એ માત્ર 'સુરક્ષા-સંકટ' કે 'રાજકીય-નિષ્ફળતા' નથી, બલ્કે આ એક ભૂકંપ છે જે 'યહૂદી-યોજના'ની બુનિયાદોને હચમચાવી રહ્યું છે.

હમ્માસની ચળવણે માત્ર યુદ્ધ મેદાનમાં વિજય મેળવ્યો છે એટલું જ નહીં બલ્કે તેણે 'અજય રાજ્ય'ની દંતકથાનો પણ નાશ કર્યો અને વિશ્વ સમક્ષ આપણી કમજોરીઓને ઉઘાડી પાડી દીધી. આપણે લોહી વહેવડાવી રહ્યા છીએ, પરંતુ આપણા લોકો નાસી રહ્યા છે. યુરોપ, અમેરિકા અને કેનેડાના ઉડ્ડયનો સંપૂર્ણ રીતે બુક થઈ ગઈ છે. દૂતાવાસો સ્થળાંતરની અરજીઓથી છલકાઈ ગયા છે.

પરિવારો ખામોશીથી પોતાની મિલ્કતો વેચી રહ્યા છે. પિતા પોતાના પુત્રોને પાછા ન આવવાના ઈરાદાથી વિદેશ શિક્ષણ માટે મોકલી રહ્યા છે. આપણે કંઈ સ્થળાંતર નથી કરી રહ્યા... બલ્કે આપણે નાસી રહ્યા છીએ; હા, આપણે ડૂબી રહેલા વ્હાણોમાંથી ઉંદરોની જેમ નાસી રહ્યા છીએ.

અપમાનના દૃશ્યો રોજિંદા બની ગયા છે.

કેમેરા સમક્ષ રડતા સૈનિકો.

બળજબરીપૂર્વક વસેલા (કે વસાવાયેલા) વસાહતીઓ ઉત્તર અને દક્ષિણમાંથી નાસી રહ્યા છે.

મંત્રીઓ ચીસો પાડી રહ્યા છે, અને ધમકીઓ આપી રહ્યા છે પરંતુ કોઈ જ ફાયદો નથી.

અને સમગ્ર કોમને ટ્રાંક્વિલાઈઝર ગોળીઓ (Tablets) પર મૂકવામાં આવી રહી છે.

આ કેવું રાજ્ય છે જે પોતાના પાટનગર અને પોતાની વસીહતો પર બોંબ-વર્ષા જોઈ રહ્યું છે અને જવાબ નથી આપી શકતું ?

આ કેવું સૈન્ય છે જે હજારો ટેન્કો હોવા છતાં ગાઝાને ઘૂંટણિયે લાવવામાં નિષ્ફળ થઈ જાય છે ?

આ કેવું નેતૃત્વ છે જે વિજયની વાત કરે છે, જ્યારે કે આંતરિક રીતે આપણે તબાહ થઈ રહ્યા છીએ ?

હમ્માસની ચળવળે બધું જ ઉઘાડું પાડી દીધું છે.

આપણી પેઢીએ બડાઈ કરી (ડંફાસ હાંકી), અને નફરતની ચિંગારીને ભડકાવી જે આપણને અંદરથી ખાઈ રહી છે. આંતરિક રીતે ઇન્તેફાદા સમીપ છે. આરબો પોતાના પર આત્મ-વિશ્વાસ બહાલ કરી રહ્યા છે.

અને આપણે ? આપણે વેર-વિખેર, ભયભીત અને અંદરથી પોકળ છીએ.

આજે આપણે એક એવી હસ્તી છીએ કે જેની કોઈ યોજના નથી, કોઈ દિશા નથી, કોઈ ઔચિત્ય નથી. એક એવું રાજ્ય છીએ, જેની કોઈ નૈતિકતા નથી, જે સામાન્ય નાગરિકોની હત્યા કરે છે, બાળકોને પકડે છે, અને પછી વિશ્વથી આના માટે તાળીઓ વગાડવાની માગણી પણ કરે છે.

નજીકના ભવિષ્યમાં ઈઝરાયલ આવું નહીં હોય, જેવું કે આજે તેને જાણીએ છીએ.

કદાચ ઘેરાયેલ કિલ્લાઓવાળું રાજ્ય બની જાય, અથવા એક સશસ્ત્ર યહૂદી પ્રદેશ, જે અમેરિકી રક્ષણના ટુકડાઓ પર જીવિત રહે.

અને કદાચ સંપૂર્ણપણે તેનું પતન થઈ જાય, અને (આ) ધરતી તેના મૂળ માલિકોને પાછી મળી જાય.

શું હું અતિશયોક્તિ કરી રહ્યો છું? ઈતિહાસથી પૂછો, એ દરેક સંસ્થાનવાદી યોજના જે હત્યા અને જૂઠ પર આધારિત હતી, એ મટી ગઈ. એ દરેક હસ્તી જે જુલમ-અત્યાચાર પર સ્થાપિત હતી એ નષ્ટ થઈ ગઈ.

ઘડિયાળ ટિક... ટિક... કરી રહી છે.

અને જ્યારે ઈઝરાયલનું પતન થશે... અને તેનું અવશ્ય પતન થશે... તો વિશ્વ એ ક્ષણ અંગે વાત કરશે જ્યારે એક પરમાણુ રાજ્યે પોતાની માનવતાને ત્યજી દીધી હતી, અને પોતાનું સર્વસ્વ ગુમાવી દીધું હતું.

અને જો આપણે હજી પણ જાગીશું નહીં તો આપણને એક મૂર્ખ કોમ તરીકે યાદ કરવામાં આવશે જે શક્તિના ભ્રમમાં જીવી કે રાચી રહી હતી, જ્યારે કે વિશ્વ તેનું પતન થતું જોઈ રહ્યું હતું !

*(અનુવાદઃ અનવરખાન)*

## જ્ઞાનસભા

*(ત્રીજા પાનાનું ચાલુ)*

અને જો એવી સ્ત્રીનો કોઈ સગો-રિશ્તેદાર જીવિત ન હોય તો હકૂમત-સરકારની જવાબદારી હશે કે આવી નિરાધાર સ્ત્રી-મહિલાની સરપરસ્તી કરે, દેખભાળ રાખે અને તમામ જરૂરિયાતો પૂરી કરે.

તલાકની સ્થિતિમાં પુરુષ અને સ્ત્રી બન્નેનો સંબંધ સમાપ્ત થઈ જાય છે. જો 'તલાકે-મુગલ્લઝ' (ત્રણ તલાક) થઈ ગઈ હોય તો એ સંબંધ સંપૂર્ણપણે હંમેશ માટે સમાપ્ત થઈ જાય છે. સિવાય આ કે એ સ્ત્રીનો કોઈ અન્ય પુરુષ સાથે નિકાહ થઈ જાય, પછી એ પણ તલાક આપી દે, અથવા તેનો ઇન્તેકાલ થઈ જાય." તલાકે-મુગલ્લઝ (ત્રણ તલાક)ની સ્થિતિમાં એ સ્ત્રીનો બીજા પુરુષ સાથે તો નિકાહ થઈ શકે છે પરંતુ અગાઉના પતિ સાથે નથી થઈ શકતો. આવી મુશ્કેલ કે કઠણ 'હુર્મત'ની સ્થિતિમાં પતિને પાબંદ કરવામાં આવે કે એ તલાક પામેલ પત્નીને જીવન-પર્યંત અથવા તો બીજી જગ્યાએ તેનો નિકાહ થઈ જાય, ભરણ-પોષણ આપતો રહે તો એ દુરસ્ત નથી.

તલાકની સ્થિતિમાં પુરુષોને હુકમ આપવામાં આવ્યો છે કે તેઓ સ્ત્રીઓને ભલી-સારી રીતે રુખસત કરે. અલ્લાહતઆલાનો ઈર્શાદ છે :

આવી જ રીતે જે સ્ત્રીઓને તલાક આપવામાં આવી હોય તેમને પણ યોગ્ય રીતે કંઈ ને કંઈ આપીને વિદાય કરવામાં આવે. આ કર્તવ્ય છે મુત્તકી (સંયમી) લોકો પર." (સૂરઃ અલ બકરહ, આયત-૨૪૧)

આ આયતોથી આ તો નિષ્કર્ષ નીકળે છે કે તલાકની સ્થિતિમાં પતિ તરફથી સ્ત્રીને કંઈ જરૂર આપવામાં આવે. તેનું પ્રમાણ ઓછું પણ હોઈ શકે છે અને વધારે પણ. પરંતુ આ એક સાથે આપવામાં આવશે. સ્ત્રીને જીવનપર્યંત કે પુનર્લગ્ન સુધી દર મહિને કંઈ ને કંઈ આપવા માટે પતિને પાબંદ (પ્રતિબદ્ધ) કરી શકાય નહીં. તલાકની રૂહ આ છે કે તેના પરિણામે પુરુષ અને સ્ત્રીનો સંબંધ હંમેશ માટે સમાપ્ત થઈ જાય, જ્યારે કે પતિને ભરણ-પોષણ આપવા માટે પાબંદ કરવાથી તેમની વચ્ચે કંઈ ને કંઈ સંબંધ બાકી રહેશે. પછી આ બાબત સ્ત્રીના સ્વમાનની પણ વિરુદ્ધ છે કે જે પુરુષ સાથે હવે તેનો કોઈ સંબંધ બાકી નથી રહ્યો, તેની દયા પર (મહોતાજ) તે રહે.

જે લોકો પતિ દ્વારા તલાક પછી પણ અગાઉની પત્નીને ભરણ-પોષણ આપવાની વકાલત કરે છે તેમની દૃષ્ટિએ આ મામલાનું એક પાસું અદૃશ્ય થઈ જાય છે. તે આ કે જો પતિને જાણ થઈ જાય કે તલાક પછી પણ પત્નીથી પીછો નહીં છૂટે અને જીવનપર્યંત તેને ભરણ-પોષણ આપવાનો તે પાબંદ હશે તો એ તલાક જ શા માટે આપશે. એ તેને પોતાના નિકાહમાં બાકી રાખી રંજાડશે, અને હેરાન-પરેશાન કરશે. આ રીતે પત્નીનું જીવન મુશ્કેલ બનીને જશે. આના કરતાં તો સારૂં છે કે એ તલાક દ્વારા પતિના જુલ્મ-અત્યાચારથી આઝાદ થઈ જાય.

ઇસ્લામના તમામ આદેશો ઔચિત્ય ધરાવે છે. આથી આ પ્રશ્ને ભાવનાત્મક રીતે વિચારવાના બદલે આના તમામ પાસાઓને પોતાની દૃષ્ટિ સમક્ષ રાખવા જોઈએ અને તલાક પછી પતિને અગાઉની (ભૂતપૂર્વ) પત્નીના ભરણ-પોષણના પાબંદ કરવાના બદલે એ લોકોએ તેની જવાબદારી ઉઠાવવી જોઈએ કે જેમને ઇસ્લામની ભરણ-પોષણની જવાબદારી હેઠળ જવાબદાર ઠેરવ્યા છે. •••

## પીડોફાઈલ આઈલેન્ડ...

*(પહેલા પાનાનું ચાલુ)*

૨૦૦૬માં FBIએ "ઓપરેશન લીપ યર" હેઠળ તપાસ તેજ કરી અને ૫૩ પાનાનો સજ્જડ રિપોર્ટ તૈયાર કર્યો. આમ છતાં, માયામીના તત્કાલીન ફેડરલ અટર્ની એલેક્ઝાન્ડર અકોસ્ટાએ એપસ્ટીનના વકીલો સાથે એક ગુપ્ત સમજૂતી કરી. આ ડીલ મુજબ, એપસ્ટીને માત્ર બે ગૌણ આરોપો સ્વીકારવાના હતા અને બદલામાં તેને તથા તેના સાથીઓને તમામ ગંભીર ગુનાઓમાંથી મુક્તિ મળી ગઈ. આશ્ચર્યની વાત એ હતી કે પીડિતાઓને આ સમજૂતી વિશે અંધારામાં રાખવામાં આવી હતી, જે અમેરિકન કાયદાનું સીધું ઉલ્લંઘન હતું. પરિણામે એપસ્ટીનને માત્ર ૧૮ મહિનાની સજા થઈ અને ૨૦૦૯માં તે જેલમુક્ત પણ થઈ ગયો.

જો ઈન્વેસ્ટિગેટિવ જર્નાલિસ્ટ જુલિ બ્રાઉન ન હોત, તો કદાચ આ કેસ કાયમ માટે દબાઈ ગયો હોત. 'માયામી હેરાલ્ડ'ની આ પત્રકારે વર્ષો સુધી પીડિતાઓનો સંપર્ક કર્યો અને પુરાવા એકઠા કર્યા. ૨૦૧૮માં તેણે "Perversion of Justice" શીર્ષક હેઠળ અહેવાલોની શ્રેણી પ્રકાશિત કરી, જેણે સમગ્ર અમેરિકામાં રોષની જ્વાળા ભડકાવી અને કેસ ફરીથી ખોલવાની ફરજ પડી. જુલાઈ ૨૦૧૯માં એપસ્ટીનની ફરીથી ધરપકડ થઈ, પરંતુ ૧૦ ઓગસ્ટ ૨૦૧૯ના રોજ તે જેલની કોટડીમાં મૃત હાલતમાં મળી આવ્યો. સત્તાવાર રીતે તેને આત્મહત્યા જાહેર કરાઈ, પરંતુ તે રાત્રે CCTV કેમેરાનું બંધ હોવું અને અન્ય સંજોગો આજે પણ અનેક શંકાઓ જન્માવે છે.

ડોનાલ્ડ ટ્રમ્પે ૨૦૨૪ની ચૂંટણી દરમિયાન એપસ્ટીન ફાઈલો જાહેર કરવાનું વચન આપ્યું હતું, પરંતુ ૨૦૨૫માં સત્તામાં આવ્યા બાદ સરકારનું વલણ બદલાયું છે. સરકાર હવે કહી રહી છે કે કોઈ ચોક્કસ 'ક્લાયન્ટ લિસ્ટ' અસ્તિત્વમાં જ નથી. જે દસ્તાવેજો બહાર આવ્યા તેમાં પણ મોટાભાગની વિગતો છુપાવી દેવામાં આવી છે. તેમ છતાં, ૧૦ લાખથી વધુ દસ્તાવેજો હજુ જાહેર થવાના બાકી છે. આ કિસ્સો સાબિત કરે છે કે કેવી રીતે અઢળક સંપત્તિ અને રાજકીય વગ મળીને ન્યાયતંત્રને બાનમાં લઈ શકે છે. સત્ય ભલે અત્યારે દબાયેલું હોય, પણ ઈતિહાસ સાક્ષી છે કે પાપનો ઘડો ગમે તેટલો મજબૂત હોય, તે એક દિવસ ફૂટે જ છે.

## ૨૦૨૦ દિલ્હી રમખાણ...

(છેલ્લા પાનાનું ચાલુ)

આ ચુકાદા અંગે ઉમર ખાલિદના પિતા એસ.ક્યુ.આર. ઈલ્યાસે જણાવ્યું હતું કે ચુકાદો હવે સૌની સામે છે અને તેઓ આ બાબતે વધુ કંઈ કહેવા માંગતા નથી.

આ ચુકાદા બાદ સોશિયલ મીડિયા પર ઘેરા પ્રત્યાઘાતો જોવા મળી રહ્યા છે. એક મોટો વર્ગ આ નિર્ણયને લોકશાહી અને ન્યાય માટે "પીછેહઠ" સમાન ગણાવીને પોતાની ચિંતા અને નારાજગી વ્યક્ત કરી રહ્યો છે. ટીકાકારોનું કહેવું છે કે કોઈપણ આરોપ સાબિત થયા વગર પાંચ વર્ષથી વધુ સમય સુધી જામીન વગર જેલમાં રાખવા એ માનવ અધિકારોનું ગંભીર ઉલ્લંઘન છે. આ સાથે જ, સોશિયલ મીડિયા પર મુસ્લિમ સમુદાયના બુદ્ધિજીવીઓ અને યુવાનોને વર્તમાન રાજકીય સ્થિતિ અને ભવિષ્યના પડકારો પ્રત્યે જાગૃત અને સંગઠિત થવા માટે આહવાન કરવામાં આવી રહ્યું છે.

શકીલ એમ.કાદરી મો.૯૯૭૮૯૯૨૦૧૧
મો. ૯૮૨૫૧૪૭૮૯૦ મો. ૯૭૨૭૯૯૯૬૬૬
કાદરી પાર્ટી પ્લોટ
નાના મોટા શુભપ્રસંગે અને લગ્નના અવસરે તેમજ સામાજિક પ્રસંગો યોજવા માટે મુલાકાત લો.
Kadri Party Plot
એડ્રેસ : ટી.પી.-૮૫, ૧૦૦ ફીટ રોડ, અંબર ટાવર, સામે, સરખેજ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૫૫. E-mail :sakil.kadri7766@gmail.com

# મે'રાજની રાતઃ હેતુ અને સંદેશ

● સંપાદક મંડળ

સર્વવ્યાપક રિવાયત મુજબ ૨૭ રજ્જબની રાત એટલે મે'રાજની રાત. આ પ્રસંગ હઝરત મુહમ્મદ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)ના જીવનના સૌથી જાણીતા પ્રસંગોમાંનો એક છે. પરંતુ આ પ્રસંગ જેટલો લોકપ્રિય છે, તેટલી જ કાલ્પનિક વાર્તાઓ તેના પર છવાઈ ગઈ છે. સામાન્ય રીતે લોકોને અજાયબીઓમાં વધુ રસ હોય છે. તેઓ પોતાની કુતૂહલતા સંતોષવા માટે જ આ ઘટનાને જુએ છે. પરિણામે, મે'રાજનો અસલી ઉદ્દેશ્ય અને તેના દૂરગામી પરિણામો નજરઅંદાજ થઈ ગયા છે. મોટાભાગની ચર્ચાઓ માત્ર એ બાબત પર થાય છે કે આપ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ) શરીર સાથે આકાશમાં ગયા હતા કે માત્ર આત્મા (રૂહ) ગઈ હતી, બુરાક કેવો હતો, જન્નત-જહન્નમમાં શું જોયું અને ફરિશ્તાઓ કેવા દેખાતા હતા.

વાસ્તવમાં, આ પ્રસંગ માનવ ઈતિહાસની એ મોટી ઘટનાઓમાંની એક છે જેણે દુનિયાનો નકશો બદલી નાખ્યો અને ઈતિહાસ પર કાયમી પ્રભાવ છોડ્યો છે. આ પ્રસંગનું સાચું મહત્ત્વ તે મુસાફરી કેવી રીતે થઈ તેમાં નથી, પરંતુ તે કયા હેતુ માટે થઈ, અને તેનાથી શું પરિણામો આવ્યા તેમાં છે.

મૂળ વાત આ છે કે આ પૃથ્વી, જેના પર આપણે રહીએ છીએ, તે અલ્લાહની વિશાળ સત્તાનો એક નાનકડો ભાગ છે. આ પૃથ્વી પર અલ્લાહ તરફથી જે રસૂલો મોકલવામાં આવ્યા છે, તેમની ભૂમિકા કંઈક એવી છે જેમ દુનિયાની સરકારો પોતાના તાબા હેઠળના રાજ્યોમાં ગવર્નર કે વાઈસરોય મોકલે છે. જો કે આ બંને વચ્ચે મોટો તફાવત છે. દુન્યવી ગવર્નરો માત્ર વહીવટ ચલાવવા માટે હોય છે, જ્યારે અલ્લાહના પ્રતિનિધિઓ (રસૂલો) એટલા માટે મોકલવામાં આવે છે કે તેઓ માનવીને સાચી સભ્યતા, ઉત્તમ ચરિત્ર, સાચું જ્ઞાન અને જીવન જીવવાના એવા સિદ્ધાંતો શીખવે જે સદીઓ સુધી માર્ગ બતાવતા રહે.

આ તફાવત છતાં બંનેમાં એક સામ્યતા છેઃ દુનિયાની સરકારો ગવર્નર જેવી જવાબદારી માત્ર વિશ્વાસપાત્ર લોકોને જ આપે છે. અને જ્યારે તેમને આ પદ સોંપાય છે, ત્યારે તેમને એ જોવાની અને સમજવાની પૂરી તક અપાય છે કે સરકારનો આંતરિક વહીવટ કઈ નીતિ પર ચાલી રહ્યો છે. તેમની સામે એવા રહસ્યો ખોલવામાં આવે છે જે સામાન્ય જનતા માટે હોતા નથી. આવી જ વ્યવસ્થા ઈલાહી સત્તાની છે. ત્યાં પણ પૈગમ્બરી જેવી મહાન જવાબદારી એ જ લોકોને સોંપવામાં આવે છે જે સૌથી વધુ વિશ્વાસપાત્ર હોય છે. જ્યારે તેમની નિમણૂક થઈ જાય, ત્યારે અલ્લાહ પોતે તેમને પોતાની સત્તાના આંતરિક વહીવટનું નિરીક્ષણ કરાવે છે અને તેમના પર સૃષ્ટિના એવા ભેદ જાહેર કરે છે જે સામાન્ય લોકો જાણી શકતા નથી.

દાખલા તરીકે, હઝરત ઈબ્રાહીમ અ.સ.ને આકાશો અને ધરતીની આંતરિક વ્યવસ્થાનું નિરીક્ષણ કરાવવામાં આવ્યું. ("ઈબ્રાહીમને અમે આવી જ રીતે આકાશો અને ધરતીનું રાજ્યતંત્ર દેખાડતા હતા જેથી તેઓ પૂરો વિશ્વાસ કરનારાઓમાં સામેલ થાય." - સૂરઃ અન્આમઃ ૭૫). તેમને એ પણ પ્રત્યક્ષ દેખાડવામાં આવ્યું કે અલ્લાહ મૃતકોને કેવી રીતે જીવતા કરે છે. (સૂરઃ બકરહઃ ૨૬૦). હઝરત મૂસા અ.સ.ને તૂર પર્વત પર ઈલાહી પ્રકાશનો અનુભવ કરાવાયો અને એક ખાસ બંદા (ખિઝર અ.સ.) સાથે રાખવામાં આવ્યા, જેથી તેઓ દુનિયાની વ્યવસ્થાને સમજી શકે. (સૂરઃ કહફઃ ૬૫). આવા જ અનુભવો હુઝૂર સ.અ.વ.ને પણ થયા હતા. ક્યારેક આપ સ.અ.વ. ફરિશ્તાને ક્ષિતિજ પર જુએ છે (સૂરઃ તક્વીરઃ ૨૩), તો ક્યારેક એ ફરિશ્તો એટલો નજીક આવી જાય છે કે વચ્ચે માત્ર બે કમાન જેટલું અંતર રહી જાય છે. ક્યારેક એ જ ફરિશ્તાને આપ સ.અ.વ. 'સિદ્‌રતુલ મુન્તહા' (ભૌતિક જગતની અંતિમ સરહદ) પર મળે છે અને ત્યાં અલ્લાહની ભવ્ય નિશાનીઓ જુએ છે. (સૂરઃ નજમ : ૭ થી ૧૮).

આવા જ અનુભવોમાંની એક ઘટના એટલે "મે'રાજ". મે'રાજ માત્ર એક પ્રવાસનું નામ નથી, બલ્કે આ એવો સમય હોય છે જ્યારે પૈગમ્બરને કોઈ ખાસ મિશન માટે બોલાવવામાં આવે છે અને મહત્ત્વનું માર્ગદર્શન આપવામાં આવે છે. હઝરત મૂસા અ.સ. માટે તે મે'રાજ હતી જ્યારે તેમને તૂર પર્વત પર બોલાવીને 'દસ આદેશો' આપવામાં આવ્યા અને ફિરઔન પાસે જઈને સુધારાનો ઉપદેશ આપવા જણાવાયું. હઝરત ઈસા અ.સ. માટે તે મે'રાજ હતી જ્યારે તેમણે પર્વત પર રાત વિતાવી અને બાર સંદેશવાહકોની નિમણૂક કરીને પ્રસિદ્ધ 'પર્વતીય ઉપદેશો' આપ્યા.

એવો જ એક મહત્ત્વનો પ્રસંગ ત્યારે આવ્યો જ્યારે હઝરત મુહમ્મદ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમને બોલાવવામાં આવ્યા. આ એ સમય હતો જ્યારે આપના મિશનને ૧૨ વર્ષ પૂરા થયા હતા. આપનો અવાજ આરબના કબીલાઓ અને હબશ (ઈથોપિયા) સુધી પહોંચી ચૂક્યો હતો. હવે આપનું કાર્ય એક નવા તબક્કામાં પ્રવેશવાનું હતું. એટલે કે હવે મક્કા છોડીને મદીના તરફ હિજરત કરવાનો સમય હતો, જ્યાં ઈસ્લામ માટે અનુકૂળ વાતાવરણ હતું. હવે આ મિશન માત્ર આરબ પૂરતું નહીં, પણ આસપાસની અન્ય પ્રજાઓ સુધી પણ પહોંચવાનું હતું અને ઈસ્લામ એક સંગઠિત રાજ્યના રૂપમાં સ્થાપિત થવાનો હતો. આથી, આ વળાંક પર આપ સ.અ.વ.ને નવું માર્ગદર્શન અને જવાબદારી સોંપવા માટે અલ્લાહે પોતાની સમક્ષ બોલાવ્યા.

આ વિશેષ મુલાકાતનું નામ જ મે'રાજ છે. આ મુસાફરી હિજરતથી આશરે એક વર્ષ પહેલાં થઈ હતી. હદીસોમાં તેના વિશે વિગતવાર વર્ણન છે; જેમ કે બૈતુલ મુકદ્દસમાં નમાઝ પઢાવવી, આકાશોની સફર કરવી, અગાઉના પૈગમ્બરોને મળવું વગેરે. પરંતુ કુર્આન હંમેશાં ગૌણ બાબતોને બદલે મુખ્ય હેતુ પર ધ્યાન કરે છે. તેથી કુર્આને મે'રાજ કેવી રીતે થઈ તેનું વર્ણન કરવાને બદલે, તે શા માટે થઈ અને કયા આદેશો આપવામાં આવ્યા તેનું વિગતવાર વર્ણન કર્યું છે. કુર્આનની ૧૭મી સૂરઃ (સૂરઃ બની ઈસરાઈલ)માં આ વિગતો છે. તેના બે ભાગ છેઃ એક ભાગમાં મક્કાના લોકોને છેલ્લી ચેતવણી અપાઈ છે કે જો તમારા જુલમને કારણે પૈગમ્બરે મક્કા છોડવું પડ્યું, તો તમે પણ અહીં લાંબો સમય ટકી શકશો નહીં. બીજા ભાગમાં બની ઈસરાઈલને ચેતવવામાં આવ્યા કે તમે ભૂતકાળમાં મળેલી તકો ગુમાવી દીધી છે, હવે આ છેલ્લી તક છે. બીજા ભાગમાં એ ૧૪ મૂળભૂત સિદ્ધાંતો આપવામાં આવ્યા છે જેના પર નવી સભ્યતા અને સમાજનું ઘડતર કરવાનું હતુંઃ

૧. માત્ર અલ્લાહની જ ઈબાદત કરવી અને તેની સત્તામાં કોઈને ભાગીદાર ન બનાવવા.
૨. કુટુંબ વ્યવસ્થાને મહત્ત્વ આપવું. સંતાનો માતા-પિતાની સેવા કરે અને સગા-સંબંધીઓ એકબીજાના મદદગાર બને.
૩. સમાજના ગરીબ, લાચાર અને મુસાફરોને નિઃસહાય ન છોડવા.
૪. સંપત્તિનો ખોટો વ્યય (ઉડાઉપણું) ન કરવો; વ્યર્થ ખર્ચ કરનારાઓને શેતાનના ભાઈ ગણાવ્યા છે.
૫. ખર્ચમાં સંતુલન રાખવું; ન તો કંજૂસી કરવી, ન તો બેફામ ખર્ચ કરીને દેવાદાર બનવું.
૬. આજીવિકાની જે કુદરતી વહેંચણી અલ્લાહે કરી છે, તેમાં માનવીએ પોતાની ખોટી પદ્ધતિઓથી દખલ ન કરવી.
૭. ગરીબી કે આર્થિક મુશ્કેલીના ડરથી બાળકોની હત્યા ન કરવી કે વંશવૃદ્ધિ ન અટકાવવી.
૮. વ્યભિચારથી બચવું, કારણ કે તે ખરાબ રસ્તો છે. તેની તરફ દોરી જતા સાધનોથી પણ દૂર રહેવું.
૯. કોઈના પ્રાણ ગેરકાયદેસર ન લેવા; માનવીય જીવનું મૂલ્ય સમજવું.
૧૦. અનાથોની મિલકતનું રક્ષણ કરવું, જ્યાં સુધી તેઓ પુખ્ત ન થાય.
૧૧. વચન અને કરારો પૂરા કરવા, કારણ કે તેના માટે અલ્લાહને જવાબ આપવાનો છે.
૧૨. વેપારમાં તોલમાપમાં પ્રામાણિકતા રાખવી.
૧૩. જે બાબતનું જ્ઞાન ન હોય તેની પાછળ ન દોડવું. વહેમ અને અટકળો પર ન ચાલવું.
૧૪. ઘમંડ અને અહંકાર સાથે ન ચાલવું; નમ્રતા રાખવી.

આ ૧૪ સિદ્ધાંતો જે મે'રાજમાં આપવામાં આવ્યા હતા, તે માત્ર નૈતિક ઉપદેશો ન હતા, બલ્કે તે એક 'મેનિફેસ્ટો' (ઘોષણાપત્ર) હતું. જેના આધારે આપ સ.અ.વ.એ ભવિષ્યના સમાજ અને રાજ્યની સ્થાપના કરવાની હતી. આ પ્રોગ્રામની સાથે જ અલ્લાહે પાંચ વખતની નમાઝ ફર્ઝ કરી, જેથી આ આદર્શ સમાજ બનાવવા માટે જે લોકો તૈયાર થાય, તેમનામાં શિસ્ત અને અલ્લાહ પ્રત્યેની જવાબદારીનો ભાવ જળવાયેલો રહે. નમાઝ દ્વારા દરરોજ પાંચ વાર એ યાદ અપાવવામાં આવે છે કે માણસ સ્વતંત્ર નથી, પરંતુ તેનો એક માલિક છે જેને તેણે પોતાના કર્મોનો હિસાબ આપવાનો છે.

# ઈસ્લામી ક્વિઝ

## ક્વિઝ નંબર : ૨૪૯

પ્ર.૧ હુઝૂર સ.અ.વ.ની સુપુત્રી હઝરત ઝૈનબ રદિ.ને તેમના ઈન્તેકાલ બાદ જે મહિલાઓએ ગુસલ આપ્યો હતો તેમનામાંથી એકના મુખે એ રિવાયત નોંધવામાં આવી છે જે આપ સ.અ.વ.એ મૈય્યતના ગુસલ સંબંધે ફરમાવી હતી. શું તમે એ સહાબિયા રદિ.નું નામ જણાવી શકો છો ?

પ્ર.૨ મસ્જિદુલ હરામમાં કયા દરવાજાથી પ્રવેશવું વધુ 'અફઝલ' (શ્રેષ્ઠ) છે ?

પ્ર.૩ તબૂક પહોંચ્યા બાદ હુઝૂર સ.અ.વ.ની સેવામાં ઉબલ્લાનો જે ખ્રિસ્તી હાકેમ સલામતી-પત્ર મેળવવા માટે ગયો હતો તેનું નામ જણાવો.

પ્ર.૪ આદમ અ.સ.ના કયા પુત્રની કતલ કરવામાં આવી હતી ?

### ક્વિઝ નં. ૨૪૯ના જવાબો

ઉ.૧ હઝરત ઉમ્મે અતીય્યા રદિ. બિન્તે હારિસ.
ઉ.૨ બાબુસ્સલામથી.
ઉ.૩ યુહન્ના બિન રૂબા.
ઉ.૪ હાબીલની.

**એચ.એસ.હોટલવાલા : એસ.ટી.રોડ, અહમદઆબાદ.**






# હઝરત અબુલ-આસ બિન રબીઅ

રદિયલ્લાહુ તઆલા અન્હુ

રોશનીના મીનાર

ડૉ. અબ્દુર્રહમાન રફત પાશા

હઝરત અબુલ-આસ બિન રબીઅ રદિ. કુરૈશ કબીલાની શાખા 'બની અબ્દુશ્ શમ્સ'ના એક તેજસ્વી ચિરાગ હતા. તેઓ ભરપૂર યુવાની ધરાવતા હતા અને એક શાનદાર તથા આકર્ષક વ્યક્તિત્વના માલિક હતા. દુન્યવી માલ-મિલકત અને પારિવારિક પ્રતિષ્ઠા તેમજ સન્માનની દૃષ્ટિએ પણ સમાજમાં તેમનું સ્થાન ઘણું ઊંચું હતું. તેઓ પોતાની મહાનતા, સ્વાભિમાન, મર્યાદા અને વફાદારી જેવા અંગત ગુણો તથા પોતાના પૂર્વજોના ગૌરવશાળી વારસાના કારણે અરબી લાક્ષણિકતાઓ ધરાવતું એક આદર્શ વ્યક્તિત્વ બની ગયા હતા.

હઝરત અબુલ-આસ રદિ.ને વેપારનો શોખ કુરૈશ પાસેથી વારસામાં મળ્યો હતો, જેના વેપારી કાફલાઓ વર્ષમાં બે વાર—શિયાળામાં યમન અને ઉનાળામાં શામ (સીરિયા)ના પ્રવાસે જતા હતા. મક્કા અને શામ વચ્ચે તેમના વેપારી કાફલાઓની અવરજવર દરેક સમયે ચાલુ રહેતી હતી. તેમનો દરેક કાફલો સો ઊંટ અને બસો માણસો પર આધારિત રહેતો. તેમની વ્યાપારિક કુશળતા, સત્યતા અને ઈમાનદારીના કારણે કુરૈશના લોકો પોતાનો વેપારનો માલ પણ તેમને જ સોંપતા હતા.

તેમની માસી અને હઝરત મુહમ્મદ સ.અ.વ.ના પત્ની હઝરત ખદીજા બિન્તે ખુવૈલિદ (રદિ.) તેમને એ જ સ્થાન આપતા હતા જે એક પુત્રનું તેની માતાની નજીક હોય છે. તેઓ તેમને પોતાના હૃદયના ઊંડાણમાં સ્થાન આપતા અને તેમના હૃદયની જેમ જ તેમના ઘરના આંગણા પણ ખુશી અને પ્રેમ સાથે દરેક સમયે તેમને આવકારવા તૈયાર રહેતા હતા. અને હઝરત ખદીજા (રદિ.) ની જેમ જ હઝરત મુહમ્મદ સ.અ.વ. પણ હઝરત અબુલ-આસ રદિ. સાથે અત્યંત પ્રેમ રાખતા હતા.

સમયના વર્ષો હઝરત મુહમ્મદ સ.અ.વ.ના પરિવાર પર અત્યંત ઝડપ અને સ્ફૂર્તિ સાથે પસાર થઈ ગયા અને જોતજોતામાં જ્યારે તેમની સૌથી મોટી સાહેબઝાદી હઝરત ઝૈનબ રદિ. યુવાનીની સરહદમાં દાખલ થયા, અને એક સુગંધિત તથા સુંદર કળીની જેમ ખીલી ઊઠ્યા, ત્યારે કુરૈશના મોટા મોટા સરદારોના પુત્રોના દિલમાં તેમની સાથે લગ્ન કરવાની ઇચ્છા જાગવા લાગી. અને એવું કેમ ન થાય, જ્યારે કે તેઓ કુરૈશની દીકરીઓમાં કુળ અને વંશની દૃષ્ટિએ સૌથી શ્રેષ્ઠ, માતા-પિતાની દૃષ્ટિએ સૌથી પ્રતિષ્ઠિત, અને અંગત આચરણ તથા ચારિત્ર્યની દૃષ્ટિએ સૌથી પવિત્ર પુત્રી હતા. પરંતુ તેમના માટે એ કેવી રીતે શક્ય હતું કે તેઓ તેમના માસીના દીકરા અને મક્કાના સૌથી શ્રેષ્ઠ યુવાન હઝરત અબુલ-આસ બિન રબીઅ રદિ.ની સામે પોતાના હેતુમાં સફળ થઈ શકે.

હઝરત અબુલ-આસ રદિ. સાથે હઝરત ઝૈનબ બિન્તે મુહમ્મદ સ.અ.વ.ના નિકાહને હજુ થોડા જ વર્ષો વીત્યા હતા કે મક્કાની ખીણો અલ્લાહના નૂરથી જગમગી ઊઠી અને અલ્લાહ તઆલાએ હઝરત મુહમ્મદ સ.અ.વ.ને હિદાયત અને સત્ય દીન આપીને પયગંબરના પદ પર નિયુક્ત કરતાં આદેશ આપ્યો કે પોતાના નજીકના સંબંધીઓને અલ્લાહના અઝાબથી ડરાવો. પરિણામે, સ્ત્રીઓમાં સૌથી પહેલાં તેમના પત્ની હઝરત ખદીજા રદિ. અને સાહેબઝાદીઓ હઝરત ઝૈનબ, હઝરત રુકૈયા, હઝરત ઉમ્મે કુલસુમ અને હઝરત ફાતિમા (રદિઅલ્લાહુ અન્હુમા) તેમના પર ઈમાન લાવ્યા, જો કે હઝરત ફાતિમા રદિ. તે સમયે ખૂબ નાની હતી. પરંતુ તેમના જમાઈ હઝરત અબુલ-આસ સાહેબે પોતાના પૂર્વજોના ધર્મને છોડવાનું પસંદ ન કર્યું અને પોતાની પત્ની હઝરત ઝૈનબ રદિ. સાથે અપાર પ્રેમ અને નિષ્ઠાવાન સંબંધ હોવા છતાં તેમના દીનનો સ્વીકાર કરવા તૈયાર ન થયા.

જ્યારે રસૂલુલ્લાહ સ.અ.વ. અને કુરૈશ-એ-મક્કા વચ્ચે સંઘર્ષ ઘણો વધી ગયો ત્યારે કુરૈશના લોકોએ અંદરોઅંદર કહ્યું: "તમારું બૂરું થાઓ! તમે લોકોએ મુહમ્મદ સ.અ.વ.ની દીકરીઓ સાથે તમારા દીકરાઓના નિકાહ કરીને તેમના દુઃખોને તમારા માથે ઓઢી લીધા છે. જો તમે તેમને (દીકરીઓને) તેમની પાસે પાછી મોકલી દો તો તેમનું ધ્યાન તમારી તરફથી હટીને પોતાની દીકરીઓ તરફ વળી જશે." તેઓએ આ અભિપ્રાયને ખૂબ પસંદ કર્યો અને હઝરત અબુલ-આસ રદિ. પાસે જઈને કહ્યું કે, "તમે તમારી પત્નીને છોડી દો અને તેમને તેમના પિતાના ઘરે મોકલી દો, અમે કુરૈશની શ્રેષ્ઠ સ્ત્રીઓમાંથી તમે જેનાથી ઇચ્છશો તેની સાથે તમારા લગ્ન કરાવી આપીશું." પરંતુ હઝરત અબુલ-આસ સાહેબે તેમની આ ઓફરને ઠુકરાવી દીધી અને કહ્યું કે, "ખુદાના સોગંદ! હું મારી પત્નીને નહીં છોડું અને તેના બદલામાં દુનિયાની કોઈ પણ સ્ત્રીને સ્વીકારીશ નહીં."

જો કે, આપ સ.અ.વ.ની અન્ય બે સાહેબઝાદીઓ હઝરત રુકૈયા અને હઝરત ઉમ્મે કુલસુમ રદિ. ને તલાક આપીને આપ સ.અ.વ.ની પાસે મોકલી દેવામાં આવી. રસૂલુલ્લાહ સ.અ.વ.ને તેમની વાપસીથી ખુશી થઈ. આપ સ.અ.વ. ઇચ્છતા હતા કે કાશ હઝરત અબુલ-આસ સાહેબે પણ એવું જ કર્યું હોત જે તેમના બંને સાથીઓએ કર્યું, પરંતુ આપ સ.અ.વ.ની પાસે ત્યારે એટલી શક્તિ નહોતી કે આપ તેમને તેના પર મજબૂર કરી શકે, અને હજુ મોમિન સ્ત્રીઓના મુશરિક પુરુષો સાથેના નિકાહ હરામ હોવાનો આદેશ પણ આવ્યો નહોતો.

જ્યારે રસૂલુલ્લાહ સ.અ.વ. હિજરત કરીને મદીના આવ્યા અને ત્યાં આપ સ.અ.વ.ના કદમ મજબૂતીથી જામી ગયા અને કુરૈશ આપ સ.અ.વ.ની સામે બદ્રમાં યુદ્ધ કરવા નીકળ્યા, ત્યારે હઝરત અબુલ-આસ રદિ.ને મજબૂર કરવામાં આવ્યા કે તેઓ પણ તેમનો સાથ આપે. જો કે તેઓ આ યુદ્ધમાં સામેલ થવા માંગતા નહોતા કારણ કે તેમને મુસ્લિમો સાથે લડવામાં કે તેમને કોઈ નુકસાન પહોંચાડવામાં ન તો કોઈ રસ હતો કે ન તો કોઈ ઇચ્છા. પરંતુ પોતાની કોમની અંદર જે ઊંચું સ્થાન તેમને પ્રાપ્ત હતું, તેણે તેમને મજબૂર કર્યા કે તેઓ તેમનો સાથ આપે. આ યુદ્ધનો અંત કુરૈશની એવી કારમી હાર સાથે થયો જેણે શિર્કને અપમાનના ખાડામાં ધકેલી દીધું અને તેના નેતાઓની કમર તોડી નાખી. તેમાંથી કેટલાક માર્યા ગયા, કેટલાક પકડાયા અને કેટલાકે ભાગીને જીવ બચાવ્યો. હઝરત ઝૈનબ રદિ.ના પતિ હઝરત અબુલ-આસ બિન રબીઅ રદિ. યુદ્ધકેદીઓમાં સામેલ હતા.

રસૂલુલ્લાહ સ.અ.વ.એ આ કેદીઓની મુક્તિ માટે તેમના પર ફિદયા નિર્ધારિત કર્યો. ફિદયાની આ રકમ કેદીઓના સામાજિક દરજ્જા અને તેમની આર્થિક સ્થિતિને ધ્યાનમાં રાખીને એક હજારથી ચાર હજાર દિરહમ સુધી નક્કી કરવામાં આવી હતી. ત્યારબાદ મક્કા અને મદીના વચ્ચે સવારથી સાંજ સુધી સંદેશવાહકોની અવરજવરનો એક સિલસિલો શરૂ થયો જે પોતાના કેદીઓની મુક્તિ માટે ફિદયાની રકમ લઈને દરબાર-એ-રિસાલતમાં હાજર થતા હતા. હઝરત ઝૈનબ રદિ.એ પણ પોતાના પતિ હઝરત અબુલ-આસ રદિ.નો ફિદયો પોતાના સંદેશવાહક દ્વારા મોકલ્યો. તેમાં તેમણે તે હાર પણ મોકલ્યો હતો જે તેમની જન્નતી માતા હઝરત ખદીજા રદિ.એ તેમને વિદાય વખતે આપ્યો હતો.

જ્યારે રસૂલુલ્લાહ સ.અ.વ.એ તે હાર જોયો, તો વફાદાર જીવનસાથીની યાદે તેમને તડપાવી દીધા અને કલેજાના ટુકડા (દીકરી) ની મજબૂરીઓએ બેહાલ કરી દીધા. આપ સ.અ.વ.નું હૃદય રંજ અને દુઃખથી ભરાઈ ગયું, જેના નિશાન સ્પષ્ટપણે ચહેરા પર દેખાતા હતા. આ પ્રસંગે આપે સહાબા કિરામ તરફ સંબોધન કરતાં ફરમાવ્યું: "ઝૈનબે આ માલ અબુલ-આસના ફિદયા માટે મોકલ્યો છે. જો આપ લોકો યોગ્ય સમજો તો તેમના કેદીને મુક્ત કરી દો અને તેમનો માલ તેમને પાછો આપી દો." અને સહાબા રદિ.એ નબી કરીમ સ.અ.વ.ની મરજી સામે માથું નમાવી દીધું અને હઝરત અબુલ-આસ રદિ. કોઈ પણ ફિદયા વગર મુક્ત કરવામાં આવ્યા. જો કે રસૂલુલ્લાહ સ.અ.વ.એ મુક્તિ પહેલાં તેમના પર એ શરત ચોક્કસ લગાવી કે તેઓ વિલંબ વગર તેમની પુત્રી હઝરત ઝૈનબ રદિ.ને મદીના મોકલી દેશે.

(વધુ આવતા અંકે)


**SHAHEEN WEEKLY**

| | | |
|---|---|---|
| A/c. No. | : | 163110100013154 |
| Bank | : | BOMBAY MERCANTILE CO-OP BANK LTD |
| IFSC Code | : | BMCB0000039 |
| Affiliated | : | AXIS BANK LTD. |

₹ ૬૦/-

**તરાવીહ ટૂંકસાર**

આ એક નાનકડો પ્રયત્ન છે કે જેટલું કુર્આન દરરોજ તરાવીહમાં આપણે સાંભળીએ તેનો ટૂંકસાર આપણી પોતાની ભાષામાં થોડીક જ મિનિટોમાં આપણા સામે આવી જાય, જેથી હવે આ આપણી જવાબદારી છે બલ્કે ફરજ છે કે તરાવીહની નમાઝ પછી થોડા સમય રોકાઈને આ ટૂંકસારને સાંભળી લઈએ કે આપણા રબે આપણા માટે શું સંદેશ અને માર્ગદર્શન આપ્યું છે અને તે કઈ ચાવી છે જે આપણને દુનિયામાં ઇઝ્ઝત અને સર્વોચ્ચતા અર્પણ કરી શકે છે અને આપણે અલ્લાહની પ્રસન્નતા પ્રાપ્ત કરીને આખિરતમાં સફળતા મેળવી શકીએ છીએ.



પોતે વાંચો, બીજાઓને વંચાવો.

ઘરે પરિવાર સાથે મળીને વાંચો.

મસ્જિદમાં તરાવીહની નમાઝ પછી દરરોજ સાંભળવા અને સંભળાવવાની વ્યવસ્થા કરો.

ઇસ્લામી સાહિત્ય પ્રકાશન
બી-303, કરિશ્મા કોમ્પ્લેક્ષ, એપીએમસી માર્કેટ પાછળ, જીવરાજ પોલીસ ચોકી સામે, 132 ફૂટ રિંગ રોડ, જુહાપુરા, અહમદાબાદ - 380055

ઓર્ડર કરવા વોટ્સએપ કરો.
+91 87 80 66 19 63

TWIST
મોહંમદ ઝાહિદ અન્સારી : ૯૮૨૫૦૨૮૪૧૮
મોહંમદ શાહિદ અન્સારી : ૯૯૯૮૦૨૮૪૧૮
**ટ્વીસ્ટ એન્જીનીયરીંગ વર્ક્સ**
પ્લાસ્ટીક એક્ષ્ટ્રુશન પ્લાન્ટ
મેન્યુફેક્ચરર એન્ડ એક્સપોર્ટર
૪૪૧૦, ફેઝ-૪, જી.આઈ.ડી.સી., ઇન્ડોજર્મન ટુલ રૂમ પાછળ, ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, વટવા, અહમદાબાદ. ફોન : ૦૭૯-૨૫૮૪૨૮૭૮
E-mail : twistew@gmail.com

**શાહીન** સાપ્તાહિક
www.shaheenweekly.com
shaheenweekly.info@gmail.com
@ShaheenViewsWeekly
લેખકના વિચારોથી ટ્રસ્ટ અથવા સંપાદક મંડળનું સહેમત હોવું જરૂરી નથી.
વાર્ષિક લવાજમ : રૂા.૩૦૦ - ત્રિ વાર્ષિક રૂા.૭૫૦
ઓફિસ સમય: ૧૧ થી ૬ • મો: ૬૩૫૬૧૬૨૭૬૮

૧૦૦% શુધ્ધ **કલૌંજીનું તેલ**


**કોન્ટેક્ટ નંબર**
અહમદાબાદ: ૦૭૯-૨૬૬૫૦૭૪૧
સૂરત : ૯૭૨૬૧૫૫૫૪૪
બેંગ્લોર : ૯૫૧૧૩૭૩૮૯૪

# ૨૦૨૦ દિલ્હી રમખાણ કેસઃ ઉમર ખાલિદ અને શરજીલ ઈમામની જામીન અરજી સુપ્રીમ કોર્ટે ફગાવી, અન્ય ૫ (પાંચ)ને મોટી રાહત



Image posted on Facebook by Umar Khalid — Image posted on Facebook by Sharjeel Imam

નવી દિલ્હીઃ સુપ્રીમ કોર્ટે ૨૦૨૦ના દિલ્હી રમખાણોના કાવતરાના કેસમાં સોમવારે એક મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. જસ્ટિસ અરવિંદ કુમાર અને જસ્ટિસ એન.વી. અંજારિયાની ખંડપીઠે ઉમર ખાલિદ અને શરજીલ ઈમામને જામીન આપવાનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો છે, જ્યારે આ જ કેસમાં છેલ્લા પાંચ વર્ષથી જેલમાં બંધ અન્ય પાંચ આરોપીઓને શરતી જામીન મંજૂર કર્યા છે.

અદાલતે પોતાનો ચુકાદો સંભળાવતા નોંધ્યું હતું કે, પ્રોસિક્યુશન દ્વારા રજૂ કરવામાં આવેલા પુરાવાઓ જોતા ઉમર ખાલિદ અને શરજીલ ઈમામ વિરુદ્ધ ગેરકાયદેસર પ્રવૃત્તિઓ નિવારણ અધિનિયમ (UAPA) હેઠળ પ્રથમ દૃષ્ટિએ કેસ બને છે. કોર્ટે ઉમેર્યું કે આ આરોપીઓની ભૂમિકા અન્ય આરોપીઓ કરતા ગુણાત્મક રીતે અલગ છે અને કાયદાકીય માપદંડો મુજબ આ તબક્કે તેમને જામીન પર મુક્ત કરવા યોગ્ય નથી. સુપ્રીમ કોર્ટે એમ પણ સ્પષ્ટ કર્યું કે UAPA હેઠળ માત્ર સીધી હિંસા જ નહીં, પરંતુ જાહેર સેવાઓમાં અવરોધ ઊભો કરવો અને અર્થતંત્રને જોખમમાં મૂકતી પ્રવૃત્તિઓને પણ આતંકવાદી શ્રેણીમાં ગણી શકાય.

બીજી તરફ, ખંડપીઠે કેસના અન્ય પાંચ આરોપીઓ ગુલફિશા ફાતિમા, મીરા હૈદર, શિફા ઉર રહેમાન, મુહમ્મદ સલીમ ખાન અને શાદાબ અહમદને કેટલીક શરતોને આધીન જામીન આપી મોટી રાહત આપી છે. અદાલતે જણાવ્યું હતું કે આ પાંચ આરોપીઓને જામીન આપવાથી રમખાણો પાછળના મુખ્ય કાવતરાના કેસને કોઈ અસર પહોંચશે નહીં. ઉલ્લેખનીય છે કે આ તમામ આરોપીઓ પર ફેબ્રુઆરી ૨૦૨૦માં ઉત્તર-પૂર્વ દિલ્હીમાં થયેલા રમખાણોનું કાવતરું રચવાનો આરોપ છે.

ફેબ્રુઆરી ૨૦૨૦માં નાગરિકતા સંશોધન કાયદા (CAA) અને NRC વિરુદ્ધના વિરોધ પ્રદર્શન દરમિયાન ફાટી નીકળેલી આ હિંસામાં ૫૩ લોકોના જીવ ગયા હતા અને ૭૦૦થી વધુ લોકો ઘાયલ થયા હતા. દિલ્હી પોલીસનો આરોપ છે કે ઉમર ખાલિદ અને શરજીલ ઈમામ આ રમખાણોના મુખ્ય સૂત્રધારો હતા.

(અનુસંધાન પાચમા પાને)

# સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં ભ્રષ્ટાચારના ગાબડાંઃ ૫ વર્ષમાં ઓડિટના ૨૬,૮૯૫ મુદ્દાઓ વણઉકેલ્યા, કરોડોના નુકસાનની ભીતિ


અહમદાબાદ : અહમદાબાદ મહાનગરપાલિકાના વહીવટમાં વ્યાપક ગેરરીતિઓ હોવાનો આક્ષેપ વિપક્ષ દ્વારા કરવામાં આવ્યો છે. છેલ્લા પાંચ વર્ષમાં મ્યુનિસિપલ ઓડિટ વિભાગ દ્વારા એન્જિનિયરિંગ, ટેક્સ, હેલ્થ, વાઉચર્સ અને બિલિંગ સહિતના વિવિધ રેકોર્ડની ચકાસણી દરમિયાન કુલ ૩૩,૦૮૩ જેટલા ગંભીર ઓડિટ વાંધાઓ ઉઠાવવામાં આવ્યા હતા. જોકે, આશ્ચર્યજનક રીતે તેમાંથી માત્ર ૬,૧૮૮ વાંધાઓનો જ નિકાલ કરવામાં આવ્યો છે, જ્યારે ૨૬,૮૯૫ જેટલા મુદ્દાઓ હજુ પણ વણઉકેલ્યા છે. આ આંકડા દર્શાવે છે કે પાંચ વર્ષમાં માત્ર ૨૦ ટકા જેટલી જ કામગીરી થઈ છે અને બાકીના ૮૦ ટકા કેસોમાં જવાબદાર અધિકારીઓ દ્વારા કોઈ પણ પ્રકારની તપાસ કે સ્પષ્ટતા કરવામાં આવી નથી.

વિપક્ષનો આરોપ છે કે અધિકારીઓ પોતાના ભ્રષ્ટાચાર અને ગેરરીતિઓ છુપાવવા માટે જાણીજોઈને આ ઓડિટ વાંધાઓના નિકાલમાં વિલંબ કરી રહ્યા છે. વર્ષ ૨૦૨૦-૨૧ થી ૨૦૨૪-૨૫ સુધીના આ આંકડાઓ મુજબ, સૌથી વધુ ગેરરીતિઓ એન્જિનિયરિંગ વિભાગમાં જોવા મળી છે, જેમાં સેન્ટ્રલ ઝોનમાં ૫,૧૪૦, ઈસ્ટ ઝોનમાં ૨,૦૯૫ અને વેસ્ટ તેમજ સાઉથ ઝોનમાં ૧,૯૩૧ વાંધાઓ હજુ બાકી છે. આટલી મોટી સંખ્યામાં પેન્ડિંગ ઓડિટ ક્વેરીઝને કારણે મ્યુનિસિપલ તિજોરીને કરોડો રૂપિયાનું આર્થિક નુકસાન જવાની ભીતિ સેવાઈ રહી છે. સત્તાધીશો દ્વારા આ ગેરરીતિઓ પર પરદો પાડવામાં આવી રહ્યો હોવાનું પણ વિપક્ષે પોતાના દાવામાં જણાવ્યું છે.

**તરાવીહ કી દુઆ કે લિયે કોન્ટેક્ટ કરેં** FREE
ઈસ્લામી ભાઈઓ ! રમઝાન મુબારક નઝદીક આ રહા હૈ. પૂરે ગુજરાતમેં શહર હો યા ગાંવમેં, મસ્જિદમેં તરાવીહકી દુઆ લગવાની હૈ. આપકો ભી સવાબ મિલેગા. હમ કો ભી સવાબ મિલેગા. આપકી મદદ કે બગૈર હમારા કામ મુશ્કિલ હૈ. તો આપ અપની નઝદીકકી મસ્જિદેં જિતની હોં વો ગિનતી કરકે બતાએં. હમ આપકો ટ્રાન્સપોર્ટમેં ભેજ દેંગે. **(હદિયા કુછ નહીં)**
ફ્રી **વિનસ પ્લાસ્ટીક** ફ્રી
જુહાપુરા, અહમદાબાદ - ૫૫
ફોનઃ સવારે ૧૧ થી ૬ દરમ્યાન કરવો
**વ્હોટ્સઅપ પર પૂરા નામ, મોબાઈલ નંબર ઔર પતા લિખ કર ભેજેં**
અહમદાબાદ શહેર મેં રૂબરૂ આ કે લે જાએં (નમાઝ કે વકત મોબાઈલ બંધ)
આરીફ મલીક : ૯૯૭૯૫૦૬૦૫૭ • ઓમર મલીક : ૭૫૭૫૦૨૧૯૧૭

Irfan Memon
Riyaz Memon
We give the purity GOLD, SILVER & DIAMOND
98246 41965
Latest Gold, Silver, Real Diamond Jewellery Showroom in the Heart of Juhapura

ALIF GOLD PALACE
9/10, Ground Floor, Classic Heights. Bs.Alif Silver & Diamond, Juhapura, Sarkhej Road, Ahmedabad-380055
ALIF SILVER & DIAMOND
LADIES REAL DIAMOND RING & ORNAMENTS
₹ 6000/- Starting
6/7, Ground Floor, Classic Heights. Bs.Alif Gold Palace, Juhapura, Sarkhej Road, Ahmedabad-380055

ડો.યાસીન સૈયદ M.B.B.S. 93279 24050
ડો.તૌફીક સૈયદ B.H.M.S. 98251 53388
99097 12900
**આધુનિક ખત્ના કેન્દ્ર**® (સુન્નત)


દુઃખાવા અને બ્લીડીંગ વગર
(૧) જુહાપુરા, અહમદાબાદ
સમયઃ સોમ, મંગળ, ગુરૂ, શનિ
સવારે : ૧૦:૦૦ થી ૧૨:૩૦ સુધી
(૨) શાહપુર, અહમદાબાદ
સમયઃ સોમ, મંગળ, ગુરૂ, શનિ
સાંજે : ૭:૦૦ થી ૯:૩૦ સુધી
(૩) ગોમતીપુર, અહમદાબાદ
સમય : સોમ થી શનિ
સવારે : ૯:૦૦ થી ૧૨:૩૦ સુધી
સાંજે : ૬:૦૦ થી ૮:૦૦ સુધી
રવિવારે ફક્ત સવારે : ૯:૦૦ થી ૧૨:૩૦ સુધી


HMG
ઈલ્યાસ પિસુવાલા
M.: 09825020386
M.: 09925020386
**હમદુભાઈ મોમીનભાઈ ગ્રાન્ડ સન્સ**
લગ્ન તથા શુભ પ્રસંગે ફેન્સી થાળ, મેલેમાઇન બ્રાસ, કોકરી તથા ફેન્સી ડેકોરેટીવ વસ્તુ ભાડે આપનાર
હેડ ઓ: 39, શીતલ એસ્ટેટ, સરખેજ રેલ્વે ક્રોસીંગ પાસે, સરખેજ, અહમદાબાદ - 382210
બ્રાન્ચ ઓ: 86, વૃંદાવન ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, અંજાના ફાર્મ, સુરત
નોંધ: વધુ જાણકારી માટે વેબસાઈટ જુઓ.
E-mail : info@ilyashamdubhai.com • Website : www.ilyashamdubhai.com

Printed and Published : ANSARI MOHAMMAD KALIM MOHAMMAD SULEMAN on behalf of ISLAMI SAHITYA PRAKASHAN and printed at Unique Offset Nobatsinh Ruparam Estate, Near Punjab National Bank, Tavdipura, Dudheshwar, Ahmeabad-380 004 and published from B/4, 4th Floor, Karishma Complex, 132 Ft. Ring Road, Sarni Society Corner, Jhuhapura, Ahmedabad -380 055 • Editor -ANSARI MOHAMMAD KALIM MOHAMMAD SULEMAN.